જુલાઈથી ઓક્ટોબર ૨૦૨૫

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી. નં. A/3352, અમદાવાદ




## શ્રી મહાલક્ષ્મી ધામ, શહેરા

# શ્રીગૌડ જાગૃતિના દ્વિમાસિક અંકો માટે સ્પોન્સરશીપ તરીકે રૂ. ૧૦૦૦૦/- આપનાર દાતાઓ



રાજેશ પંડ્યા 'રાજ',
તંત્રી શ્રીગૌડ જાગૃતિ



ડો. બિરેનભાઈ પાઠક
ઘોઘંબા



રમેશચંદ્ર નરેન્દ્રકુમાર પાઠક
ઘાટલોડિયા, અમદાવાદ

ગુપ્ત દાતાશ્રી

**મિત્રો, સમાજના શ્રેષ્ઠી
શ્રી બંધુઓ શ્રીગૌડ જાગૃત્તિ નિભાવ ખર્ચની
સ્પોન્સરશીપ માટે આગળ આવે એવી એક ઉચ્ચ ભાવના.**

श्री महालक्ष्म्यै नमः   उतिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत   महालक्ष्मी प्रसन्नाऽस्तु

"જાગો, ઊઠો, વિરમો નહિ, સાધો આશય ના જ્યાં સુધી"

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.** રજી. નં. A/3352, Ahmedabad

# શ્રીગૌડ જાગૃતિ

## મુખપત્ર

પ્રકાશક અને પ્રમુખ : શ્રી કમલેશ એસ. પાઠક, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

**જુલાઈથી ઓક્ટોબર ૨૦૨૫** | www.sssgujarat.org

**પ્રમુખ**

**શ્રી કમલેશભાઈ પાઠક**

મો. 94265 11472

**મંત્રી**

**શ્રી યોગેશ શુક્લ**

મો. 98240 58799

**ખજાનચી**

**શ્રી પ્રવિણ પુરોહિત**

મો. 9824358297

**તંત્રી**

**શ્રી રાજેશ પંડ્યા 'રાજ'**

મો. 94286 04119

**તંત્રી મંડળ**

શ્રી જયંતભાઈ જોશી

શ્રી વિપુલભાઈ વી. દવે

શ્રી હેતલકુમાર શુક્લ

શ્રી ધ્રુવ શુક્લ

શ્રી કૃતાર્થ જોષી

શ્રી દિગિશ દવે

### અનુક્રમણિકા

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીગૌડ જાગૃતિના દ્વિમાસિક અંકો માટે સ્પોન્શરશીપ ના દાતાશ્રીઓ | | ૦૨ |
| ૨. | તંત્રી લેખ | રાજેશ પંડ્યા-રાજ | ૦૫ |
| ૩. | ભુરખીયા હનુમાનજી, દામગનર, સૌરાષ્ટ્ર | તંત્રીશ્રી | ૦૭ |
| ૪. | ભુમાપુરા હનુમાનજી મંદિર, તા. મહેમદાવાદ | તંત્રીશ્રી | ૦૮ |
| ૫. | હનુમાનજી મંદિર, સાંપા, ગોધરા-શહેરા | તંત્રીશ્રી | ૦૯ |
| ૬. | હનુમાનજી મંદિર, લોદરા | તંત્રીશ્રી | ૧૦ |
| ૭. | શુભકામના જાહેરાત | મુકેશ પુરોહિત | ૧૧ |
| ૮. | શુભકામના જાહેરાત | ગ્રીષ્મા પુરોહિત | ૧૨ |
| ૯. | શુભકામના જાહેરાત | નિરવ ઉપાધ્યાય | ૧૩ |
| ૧૦. | શુભકામના જાહેરાત | ડૉ.કોકિલ દવે | ૧૪ |
| ૧૧. | શુભકામના જાહેરાત | પારૂલબેન દવે | ૧૫ |
| ૧૨. | શુભકામના જાહેરાત | ધૈર્ય ઉપાધ્યાય | ૧૬ |
| ૧૩. | શુભકામના જાહેરાત | ઋચા ડી. શુક્લ | ૧૭ |
| ૧૪. | શુભકામના જાહેરાત | દેવાંગભાઈ દવે | ૧૮ |
| ૧૫. | શુભકામના જાહેરાત | જલ્પા યોગેશભાઈ સુક્લ | ૧૯ |
| ૧૬. | શુભકામના જાહેરાત | શ્રીગૌડ વૈશ્વિક | ૨૦ |
| ૧૭. | સિદ્ધિ સોપાન | | ૨૧ |
| ૧૮. | જાહેરાત | રિદ્ધિ સિદ્ધિ એજન્સી | ૨૨ |
| ૧૯. | સમાચાર સંચય | | ૨૩ |
| ૨૦. | શુભકામના જાહેરાત | કાશીબા આર્યુવેદિક હોસ્પિટલ | ૨૭ |

| | | | |
|---|---|---|---|
| ૨૧. | જાહેરાત | કે. જે. કેમ્પસ | ૩૦ |
| ૨૨. | જાહેરાત | સદાશિવ આયુર્વેદિ ક્લિનિક | ૩૩ |
| ૨૩. | જાહેરાત | વિધાતા મેરેજ બ્યુરો | ૩૬ |
| ૨૪. | જાહેરાત | જોષી ચશ્મા ક્લિનીક | ૩૯ |
| ૨૫. | શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ, વડોદરા | | ૪૦ |
| ૨૬. | શ્રીગૌડ પ્રગતિ મંડળ, અમદાવાદ | | ૪૧ |
| ૨૭. | શરદોત્સવ - ૨૦૨૫ | | ૪૨ |
| ૨૮. | ખુશીનું વૈદું | | ૪૪ |
| ૨૯. | જાહેરાત | એમરાલ્ડ ડેવલોપર્સ | ૪૫ |
| ૩૦. | જાહેરાત | ટ્રોપીકલ સોલાર એનર્જી | ૪૬ |
| ૩૧. | લેખ - કાળી | રાજેશ પંડ્યા-રાજ | ૪૭ |
| ૩૨. | લેખ - મમતાની મુરત | ધ્રુવ જોષી, વડોદરા | ૪૮ |
| ૩૩. | જીવનનો આશય | ભવ્યા ડી. શુક્લ, ભરૂચ | ૪૯ |
| ૩૪. | ખૂબ દોડ્યો હવે હું પણ થાક્યો છું | દક્ષેશ જોષી, વડોદરા | ૪૯ |
| ૩૫. | નવરાત્રી - સોનેટ | ડૉ. બિરેન પાઠક, ઘોઘંબા | ૫૦ |
| ૩૬. | મન | દીપકભાઈ શુક્લ, ગોધરા | ૫૦ |
| ૩૭. | જીવનકેડી | ક્રિષ્ના શુક્લ-સુવાસ | ૫૧ |
| ૩૮. | મન | માલિની જોષી પાઠક, વડોદરા | ૫૧ |
| ૩૯. | મન | રાજેન્દ્ર પાઠક, વડોદરા | ૫૨ |
| ૪૦. | તહેવારોની મોજ | ભારતીબેન ઉપાધ્યાય | ૫૨ |
| ૪૧. | ગણપતિ વંદન | વિજય પુરોહિત, અમદાવાદ | ૫૩ |
| ૪૨. | નિભાવીએ | અદિતિ પંડિત, આણંદ | ૫૪ |
| ૪૩. | શુભેચ્છા જાહેરાત | રાજેશ પંડ્યા ‘રાજ’ | ૫૫ |
| ૪૪. | જાહેરાત - ડોનાલ્ડ કીડ, મલ્હાર સ્પોર્ટ્સ એકેડેમી | | ૫૬ |
| ૪૫. | શીવમ પાર્ટી પ્લોટ, શ્રી વિદ્યામંદિર વિદ્યાલય | | ૫૭ |
| ૪૬. | સમસ્ત શ્રીગૌડ જીવનસાથી - વોટ્સએપ ગ્રૂપ | | ૫૮ |
| ૪૭. | જુલાઈ, ઓક્ટોબર ૨૦૨૫ અવસાન નોંધ | | ૫૯ |
| ૪૮. | સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત, ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યોની યાદી | | ૬૦ |
| ૪૯. | માહિતી સમાચાર શ્રીગૌડ જાગૃતિ સુધી પહોંચાડવાનું ગુગલ ફોર્મ | | ૬૧ |

## તંત્રી લેખ



શ્રી બંધુ મિત્રો,

સૌને નૂતનવર્ષના અભિનંદન.

કુશળ હશો. દિવાળી પહેલાં ખરીદી અને પછી વૅકેશનની મોજ. પ્રવાસની મજા. ખૂબ આનંદ સાથે નવા વરસની શુભેચ્છાઓ.

મિત્રો, આ દિવાળી અંક તમારા માટે ખાસ અંક બની રહેશે. અંકમાં તમને સૌ પ્રથમ ગુજરાતના સુપ્રસિદ્ધ અને ચમત્કારિક ચાર હનુમાનજી મંદિરોના લેખો આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરાવશે. સમાચાર સંચયમાં અને પછી તમને આપણા મહાલક્ષ્મી મંદિરોના પાટોત્સવ ઉજવણી પ્રસંગોના ફોટાઓ એક માતાજીની હાજરીરૂપ આનંદ આપશે. ગરબા ઉત્સવ પ્રસંગો પણ આનંદ આપશે.

સાહિત્ય વિભાગ જે સમાજના જ સાહિત્યકારોની ઉત્કૃષ્ટ નવી રચનાઓ હોય છે એ તમને સોનામાં સુગંધ આપશે. અન્ય માહિતીઓનો રસથાળ તમને વાંચન રસ વધારશે.

મિત્રો, નવા વરસથી શ્રીગૌડ જાગૃતિ અંકના નિભાવ ખર્ચ માટે મેં સ્પોન્સરશીપ જ જાહેર કરી છે. સમાજના શ્રેષ્ઠીઓ જ પ્રત્યેક અંકનો ખર્ચ ઉઠાવી લે તો સમાજ ભંડોળ પર અસર થયા વગર નિયમિત અંકો દર બે માસે બહાર પડી શકે. સ્પોન્સરશીપનો એક પુણ્યરૂપ લ્હાવો લેવા તમે મારો સંપર્ક કરી શકો છો.

મિત્રો, અન્ન સહાય કીટ ફંડ જેનું સમાજના આદરણીય વડીલો દ્વારા ગુપ્ત રીતે શ્રેષ્ઠ સંચાલન કરવામાં આવે છે એને તો હ્યદયની પાસે જ રાખશો. ઘરના યાદગીરી રૂપ પ્રસંગે અચૂક એમાં યોગદાન આપશો.

તમે સૌનું નજરાણું શ્રીગૌડ જાગૃતિને પ્રેમ કરો છો, હું તમને પ્રેમ કરું છું. બસ આ રીતે પરસ્પર પ્રેમ જળવાઈ રહે અને સમાજની પ્રગતિ વધતી રહે એવી માં મહાલક્ષ્મીની કૃપા સર્વની ઉપર વરસતી રહે એવી અભ્યર્થના સાથે એકવાર સૌને ફરી નૂતનવર્ષાભિનંદન..

આપનો મિત્ર

**રાજેશ પંડ્યા "રાજ"**

કલરવ ગુજરાતી સાહિત્ય ગૃપ અને ટ્રસ્ટ (ઉપપ્રમુખ)

આપને ત્યાં સારા-નરસા પ્રસંગે જાગૃતિને દાન આપો અને અપાવો. વિગતો નીચે મુજબ છે.

**ખાસ નોંધ : બેંકની વિગત નોંધી લેશો.**
એકાઉન્ટ નામ : સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.
એકાઉન્ટ નંબર : ૩૦૧૨૧૮૩૯૦૯૨
બેંક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બ્રાંચ : પ્રગતિનગર (૦૮૦૫૩)
**IFS Code : SBIN0008053**

E-mail - shreegaudjagruti2019@gmail.com
Website - https://samastshreegaudsamajgujarat.org
Facebook- https://www.facebook.com/samastshreegaudsamaj/
**Contact No. : 8799163969 (Jayant Joshi)**

# સૌનું પોતીકું નજરાણું શ્રીગૌડ જાગૃતિ

શ્રી બંધુ મિત્રો,

શ્રીગૌડ જાગૃતિમાં દર બે માસે નિયમિત બહાર પડતાં લોકપ્રિય રંગીન અંક માટે જાહેરાતો આપવાની વિગતો આપેલી છે.

| | | |
|---|---|---|
| પેજ સાઈઝ | આખું પેજ 140/210 mm | અડધું પેજ 140/105 mm |
| પેજના ભાવ (રૂ) | 800 | 500 |
| પ્રથમ, બીજું અને છેલ્લું પેજ | 1000 | |

Bank Details: Account name : Samast Shreegaud Samaj, Gujarat
Bank : SBI
Branch : Pragatinagar
Account number : 30121839092
IFS Code : SBIN0008053

---

મિત્રો,

તમારા ધંધાની, વ્યક્તિ વિશેષ તરીકે પોતાની, અવસાન નોંધ, વ્વવસાયની, માતાજીના તીર્થધામના આખા પેજના ફોટા સાથેની, કોઈ બહારના ઓળખીતા સંપર્કની...કોઈપણ રીતે જાહેરાત આપી શકો છો. જાહેરાત બની શકે એટલી વહેલી પહોંચાડવાની રહેશે તો મને ગોઠવતા ફાવે. અન્નસહાય કીટ માટે દરેક શ્રીબંધુ સક્રિય રહેશે.

દરેકનું માનીતું નજરાણું હોવાથી અંકની લોકપ્રિયતા વધતી જ જાય છે. અન્ય સમાજ પણ મારી પાસે પ્રમાણ તરીકે અંક મંગાવ્યો હતો.

તમારું કામ  આપણા નજરાણાં અંકને જાહેરાતોથી ભરી દેવાનું, મારું કામ દરેક શબ્દોમાં કાયમ માટે વિવિધતા ભરી દેવાનું. તમે તમારું કામ સંભાળો, જાહેરાતો આપી મને પ્રોત્સાહિત કરો, હું મારું કામ કરું.. સમાજના માટે અંદરથી રસ ધરાવતા શ્રીબંધુઓનો સમાજ રસ વધતો જાય એવો અંક બનાવવા મહેનત કરૂ છું. અહીં સમાનતા ના ધોરણે જ કામ થાય છે. જાન્યુઆરી અંકમાં જાહેરાત માટે નોંધણી કરાવી ઝડપથી  જાહેરાત મોકલી આપશો

- તંત્રી, શ્રીગૌડ જાગૃતિ
રાજેશ પંડ્યા "રાજ" (9428604119)

SBI
Merchant Name : SAMAST SHRIGAUD SAMAJ GUJ
UPI ID : 9824358297@sbi

## અન્ન સહાય ફંડ અને અન્ય ફંડો માટે દાતાશ્રીઓ

**૧૫૦૦/-  ગિરિશભાઈ શુક્લ , અન્ન સહાય કીટ માટે**
**૧૧૦૧/-  હાર્દિક ભાઈ શુક્લ, અન્ન સહાય કીટ માટે**
**૧૧૧૧/-  ડૉ. રોશની કોકિલભાઈ દવે, અન્ન સહાય કીટ માટે**
**૧૧૦૦/-  સ્વ.અ.સૌ.દર્શના હીતેશ શુક્લના સ્મરણાર્થે..., અન્ન સહાય કીટ માટે**
**૨૫૦૦/-  શ્રી ધ્રુવભાઈ શુક્લ અને  લીનાબેન શુક્લ, અન્ન સહાય કીટ**
**૨૫૦૦/-  શ્રી ધ્રુવભાઈ  શુક્લ અને  લીનાબેન શુક્લ, શિક્ષણ ફંડ માટે**
**૧૦૦૦/-  ડૉ. સમીર જોષી, વડોદરા, શ્રીગૌડ જાગૃતિ ફંડ માટે**

**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતને અનુદાન આપવા માટે આ QR કોડનો ઉપયોગ કરી શકો છો.**

# ભુરખીયા હનુમાનજી, દામનગર, સૌરાષ્ટ્ર

મિત્રો, સ્વયંભૂ ચમત્કારી અને કાયમ જીવંત પ્રાણશક્તિ પ્રસરતી રહેતી હોય એવું જાગૃત સ્થાન ભુરખીયા હનુમાનજી છે. સૌરાષ્ટ્ર પંથકમાં ઢસા થઈ દામનગર અને દામનગર થી લાઠી તરફ જતાં સાતેક કિલોમીટરમાં આ મંદિર આવેલું છે.

મંદિરનો ઈતિહાસ જોઈએ તો આશરે સાડા ચારસો વરસ પહેલાં, વીરમગામ ભાગાળે, ગોલવાડ દરવાજા બહાર સંત રઘુવીરદાસજી મહારાજના ત્રણસો સંતોની જમાત ફરતી હતી. એમાં શામેલ મહાત્મા દામોદરદાસજીને રાત્રીના સ્વપ્ન આવ્યું જેમાં આદેશ થયો કે સભાડ(દામનગર) અને લાઠી ગામ વચ્ચે એક મોટા જંગલ વચ્ચે એક ટેકરો છે, ચૈત્રી પૂનમના પહેલાં ત્યાં પહોંચી અને રામધૂન બોલાવજો. હું ત્યાં પ્રગટ થઈશ. સાધુ- સંતો ત્યાં સ્વપ્નના આદેશ મુજબ ભેગાં થયાં, નિયત સમયે જમીનમાંથી એક અવાજ આવ્યો, ઉપસેલી જમીન માંથી આ સ્વયંભૂ મૂર્તિ રૂપે દાદાનું પ્રાગટ્ય થયું.

અહીં આવતા ધાર્મિક જનોને એનું માહાત્મ્ય એટલું અસર કરે છે કે ભલભલી ઈચ્છાઓ તેમની તરત જ એક નાની સરખી દર્શનની બાધાથી પૂર્ણ થઈ જાય છે.

મંદિરમાં ભોજન પ્રસાદી, રહેવાની ઉત્તમ વ્યવસ્થા રહેલી છે. પોતાનું વાહન હોય તો જવાની અનૂકુળતા વધુ રહે છે. એકવાર અચૂક મુલાકાત લેવા જેવું આ સુપ્રસિદ્ધ સ્થળ છે.. આભાર.

-તંત્રી શ્રી








# ભુમાપુરા હનુમાનજી મંદિર, તા. મહેમદાવાદ





મિત્રો, અમદાવાદથી ૩૫ કિલોમીટર મહેમદાવાદ તરફ જતાં રસ્તામાં ભુમાપુરા ગામે લોકોની મોટી આસ્થા ધરાવતું પ્રસિદ્ધ હનુમાનજી મંદિર આવેલું છે. મંદિરનો ઈતિહાસ અને મહિમા જોઈએ.

આશરે પચાસ વરસ પહેલાની આ વાત છે. ભગતબાપુ નામે એક સંત હનુમાનજીનું સતત નામસ્મરણ કરતાં હતાં. એક દિવસ હનુમાનજી દાદા સ્વપ્નમાં આવીને ભગતબાપુને આદેશ આપ્યો. ભગતબાપુએ દાદા પાસે સ્વયં દર્શન માંગ્યા. હનુમાન દાદા મૂર્તિ સ્વરૂપે હાજર થયા અને ભગતબાપુને દર્શન આપ્યાં. એમની અહીં સ્થાપના કરવા સૂચન કર્યું. ભગતબાપુએ આદેશનું પાલન કરી મૂર્તિની સ્થાપના કરી, મંદિર બાંધ્યું. જોતજોતામાં તો સ્વયંભૂ પ્રગટ દાદા હોવાથી ચોમેર મંદિરની પ્રતિષ્ઠા ફેલાઈ ગઈ. ગુજરાતના જાણીતા હનુમાનજી મંદિરોમાં આ મંદિરની ગણના થવા માંડી. પચાસ વરસથી એક પ્રતિક રૂપે દીવાની અખંડ જ્યોત અહીં પ્રજ્વલિત છે.

ભક્તજનોની તમામ ઈચ્છાઓ પાંચ શનિવારે અહીં દર્શન કરવા આવતા પૂરી થાય છે. શનિવારે અને મંગળવારે લગભગ અઢી લાખ જેટલા શ્રદ્ધાળુઓ મંદિરમાં દર્શન કરવા આવે છે. મંદિર પાસે એક વિશાળ જુનો વડ જે હનુમાનજી દાદાના પ્રાગટ્યનો સાક્ષી છે તે એની વડવાઈઓ ફેલાવી ભક્તોની આસ્થાનું પ્રતીક બની રહ્યો છે. કાળીચૌદશે અને હનુમાન જયંતીએ અહીં મેળો ભરાય છે. મંદિર શનિવારે સવારે ૪ વાગ્યાથી બીજે દિવસે રાતે ૨ વાગ્યા સુધી ખુલ્લું રહે છે. લોકોની આસ્થાનું પ્રતિક અને તમામ મનોકામનાઓની પૂર્તિ થવાથી મંદિરની પ્રતિષ્ઠા વધતી જ જાય છે. એકવાર અચૂક મુલાકાત લેવા જેવું આ સુપ્રસિદ્ધ મંદિર છે... આભાર.

-તંત્રી શ્રી





# હનુમાનજી મંદિર, સાંપા, ગોધરા-શહેરા



મિત્રો, સ્વયંભૂ હનુમાનજી પ્રાગટ્ય સ્વરૂપ અને સાક્ષાત પ્રાણશક્તિનો જો અનુભવ લેવો હોય તો આ મંદિરની અચૂક મુલાકાત લેવી જોઈએ.

મિત્રો, મંદિરનો ઈતિહાસ જાણીએ. લગભગ ૮૦ વરસ પહેલાં ગોધરામાં રહેતા ગિરધરભાઈ પટેલને હનુમાનજીએ સ્વપ્નમાં આદેશ આપ્યો કે અમુક જગ્યાએ મારી મુર્તિ જમીનમાં દટાયેલી છે. ગિરધરભાઈ એ જગ્યાએ ગયા, અંધારું થઈ ગયું હોવાથી સંપૂર્ણ એ જગ્યા સુધી પહોંચી ન શક્યા. બીજે દિવસે રાતે ફરી સ્વપ્ન આવ્યું કે એ જગ્યાથી જ આગળ વધ. એક ઝાડ નીચે હું છું. ગિરધરભાઈએ આદેશનું પાલન કર્યું તો આ મુર્તિ તેમને મળી. એની પૂજન વિધિ ખુબ સારી રીતે થઈ. નાનું સરખું મંદિર બનાવવામાં આવ્યું. નિયમિત પૂજા થતી, દિન પ્રતિદિન શ્રધ્ધાળુઓ વધતા ગયા.

સમયાંતરે ગિરધરભાઈનું અવસાન થતાં તેમના વારસદારો આ ફરજ અન્ય શ્રધ્ધાળુ ગ્રામજનોના સહકાર લઈ, મંદિરનો વિકાસ કરવાની સાથે એનું સત જળવાઈ રહે એવી પ્રવૃત્તિઓ કરતાં ગયાં. ૨૦૦૮ ની સાલથી નિયમિત હનુમાન જયંતિ, કાળી ચૌદશ ના રોજની ઊજવણીઓ મોટા પાયે થવા લાગી.



હનુમાનજીની પુજન વિધી, સમિતભાઇ વકીલ, અતુલભાઇ લાકડાવાળા, સમીરભાઇ પટેલ, લાલાભાઇ કિરીટભાઇ પટેલ તથા સ્વ અરવિંદભાઈ પુરોહિત કુટુંબ પરિવારના સભ્યો એવા જનકભાઈ પુરોહિત અને અન્ય સભ્યો સાથે રહીને આયોજન કરે છે.

આ દિવસોએ યજ્ઞનું આયોજન સાથે ભંડારો કરવામાં આવે છે. લગભગ બે હજાર શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. શ્રાવણ માસમાં મંદિરમાં આવેલા શિવાલયમાં અનેક શ્રધ્ધાળુઓ પૂજન વિધિ કરે છે, મોલાકત વ્રતમાં કુંવારીકાઓને મંદિરમાં પૂજા દરમિયાન કોઈને કોઈ પ્રસાદ ભેંટ આપવામાં આવે છે.

મિત્રો, મંદિરો અનેક હોય પણ તેની પ્રાણશક્તિ અને સાક્ષાત્કાર અલગ જ હોય એવું આ ચમત્કારીક મંદિરની જો એ બાજુ નીકળતા હોવ તો અને નજીક રહેતા હોવ તો અચૂક મુલાકાત લેશો..

- તંત્રી શ્રી







# હનુમાનજી મંદિર, લોદરા

ગાંધીનગરથી ૩૦ કિલોમીટર અંતરે આવેલું માણસા તાલુકાનું લોદરા ગામ તેના બાલા હનુમાન મંદિર માટે ખૂબ જ જાણીતું છે.

વરસો પહેલાં મહંતશ્રી બલરામદાસજી મહારાજને સ્વપ્ન આવ્યું કે પેથાપુર પાસે નદીમાં હનુમાનજીની એક મુર્તિ પડેલી છે. લોકો તેમના ઉપર કપડાં ધોવે છે. મહંતશ્રીએ બીજે દિવસે ગાડું જોડ્યું. એ જગ્યાએ પહોંચ્યા, મુર્તિ પડેલી હતી. મુર્તિને વાજતે ગાજતે લોદરા લાવવામાં આવી. કાળીચૌદશના દિવસે તેની સ્થાપના કરવામાં આવી. મહંતશ્રીને હનુમાનજી મહારાજ હાજરાહજૂર હતા. દિનપ્રતિદિન મંદિરનો વિકાસ થતો ગયો. ધાર્મિક પ્રસંગોની ઉજવણીમાં ધાર્મિક શ્રધ્ધાળુઓનો ધસારો વધતો ગયો.

કાળી ચૌદશ અને હનુમાન જયંતી પ્રસંગે મોટી સંખ્યામાં ધર્માળુઓ હાજરી આપે છે. આ દિવસોએ મોટો યજ્ઞ થાય છે, ભોજન પ્રસાદીનું આયોજન કરવામાં આવે છે.

ગુજરાતના હનુમાનજીના ચમત્કારી મંદિરોમાં આ મંદિરની ગણના જરૂર થાય છે. મહુડી તરફ જતાં હોવ તો રસ્તામાં આવતું આ બાલાહનુમાન મંદિર, લોદરા ની જરૂર મુલાકાત લેશો..

- તંત્રી શ્રી







# શુભદિવાળી અને નૂતનવર્ષની સૌને હાર્દિક શુભકામના

# મુકેશ પુરોહિત



# શુભદિવાળી અને નૂતનવર્ષની સૌને હાર્દિક શુભકામના

## ગ્રીષ્મા પુરોહિત (ઓનર્સ)

## ભાસ્કર પુરોહિત

## નવા નરોડા રોડ, નરોડા, અમદાવાદ



# શુભદિવાળી અને નૂતનવર્ષની સૌને હાર્દિક શુભકામના

## શ્રી જીતેન્દ્રકુમાર બાબુલાલ ઉપાધ્યાય પરિવાર



## શ્રી સનાતન હિન્દુ સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓ

(૧) શ્રી ગલતેશ્વર મહાદેવ હાઈસ્કૂલ, અંબાવ

(૨) શ્રી સરસ્વતી વિદ્યામંદિર, માલવણ

(૨) શ્રીમતિ કે. એમ. જયસ્વાલ કન્યા વિદ્યાલય, સેવાલિયા બજાર

(૪) શ્રી આશિષ વિદ્યાલય, સેવાલિયા બજાર

(૫) શ્રી યોગધર કુમાર છાત્રાલય, સેવાલિયા બજાર

(૬) NIOS અભ્યાસ કેન્દ્ર, અંબાવ

# શુભદિવાળી અને નૂતનવર્ષની સૌને હાર્દિક શુભકામના

# ડૉ. કોકિલ દવે




## રિધ્ધિ હોસ્પિટલ,

## અમદાવાદ

# શુભદિવાળી અને નૂતનવર્ષની સૌને હાર્દિક શુભકામના

## પારૂલબેન દવે



# શુભદિવાળી અને નૂતનવર્ષની સૌને હાર્દિક શુભકામના

## નૂતન વર્ષની સહહૃદય મંગલ કામના

મંગલમય પરકૃપાળુ પરમાત્મા
આપ સર્વ પરિવારનું સમગ્ર જીવન પ્રભુમય, આનંદમય બનાવી
જીવનની સર્વે સિદ્ધિઓની પ્રાપ્તિ સાથે હર્ષ ઉલ્લાસ અને
ઉન્નતિના માર્ગે પ્રેરે એવી નૂતનવર્ષની મંગલ કામના...



**DHAIRYA VIJAYKUMAR UPADHYAY**
DIPLOMA IN JOURNALIS
MB A LLB. LLM.
Advocate
Gujarat High Court
(M) 97129 09213

# શુભદિવાળી અને નૂતનવર્ષની સૌને હાર્દિક શુભકામના

## ઋચા ધર્મેશકુમાર શુક્લ
## નિરૂપમા કનૈયાલાલ શુક્લ
## ભવ્યા ધર્મેશકુમાર શુક્લ



# શુભદિવાળી અને નૂતનવર્ષની સૌને હાર્દિક શુભકામના

## દેવાંગભાઈ દવે, અમદાવાદ




# શુભદિવાળી અને નૂતનવર્ષની સૌને હાર્દિક શુભકામના

## જલ્પા યોગેશભાઈ શુક્લ








શ્રીગૌડ વૈશ્વિક વોટ્સએપ પરિવારના
તમામ સ્વજનો તરફથી
શુભદિવાળી અને નૂતનવર્ષની
સૌને હાર્દિક શુભકામના..



## શ્રી બંધુઓએ મેળવેલ સિદ્ધિઓ બદલ
## સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત સૌને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.









આનંદસહ જણાવવાનું કે આપણા સમાજ ના વતન સાતમણા, હાલ નાગપુર રહેતા, સ્વ. ભાસ્કરભાઈ ચંદુલાલ વ્યાસના **સુપુત્ર શ્રી મનીષભાઈ ભાસ્કરભાઈ વ્યાસ**ને ભારત સરકાર તરફથી શ્રેષ્ઠ શિક્ષક નું બહુમાન પ્રાપ્ત થયું છે.

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત આપશ્રીને હૃદયથી અભિનંદન પાઠવે છે. તેઓ આજ રીતે સર્વને શિક્ષણ પૂરૂ પાડતા રહે તેવી શુભકામના.



My younger Brother
**TARAK KIRANKUMAR SHUKLA**
Officially got another Masters in UK
so now he is Double Masters
degree holder and got
Qualified Teacher Status by
Government of UK
Education department.



શ્રીગૌડ સમાજના **શ્રી સૌરભ રાજેશભાઈ દવેનું**
**મારૂ યુવા પ્રજાપતિ કલબ અને ઈકા કલબ- મણિનગર**
દ્વારા કરાયેલ સન્માન



દુષ્યંત ભાસ્કરરાવ પંડિત
મહુધા/વડોદરા

આપ સૌ ને જણાવતાં ખુબ આનંદ થાય છે કે માતાજીની કૃપાથી આપણા સમાજના દુષ્યંતભાઈ બી. પંડિતે એશિયન ઈન્ટરનેશનલ યુનિવર્સિટીમાંથી ડૉક્ટરેટ ઈન ફાઈનાન્સ એન્ડ ઈન્ટરનેશનલ ટ્રેડની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. (ઈન્ટરનેશનલ ટ્રેડ,ફાઈનાન્સ, ઓપરેશન અને લોઝ માં પણ સ્પેશ્યલાઈઝેસન પણ કરેલ છે)

ખૂબ ધીરજ રાખી ભારે મહેનત તથા સમર્પણ સાથે આ ડિગ્રી પ્રાપ્ત કરી પરિવાર તથા સમાજનું ગૌરવ વધાયુ છે. આ સિધ્ધિ મેળવવા બદલ આપણા શ્રીગૌડ સાડત્રીસ સમાજ તરફથી ખુબ ખુબ અભિનંદન ડૉ. દુષ્યંતભાઈ પંડિત

- જીજ્ઞેશ બી પંડિત

ગણેશપુરા ના પ્રાઈમ લોકેશનમાં પ્લોટ અને વિલાના માલિક બનો...



# રિધ્ધિ સિધ્ધિ રેસીડેન્સી

**NA NOC - TITLE CLEAR**

ફુલ પેમેન્ટ કરનારને સ્પેશીયલ ડિસ્કાઉન્ટ ઓફરનો લાભ મળશે.

દસ્તાવેજ ખર્ચ, ડેવલપમેન્ટ ખર્ચ અને સરકારી લીગલ ખર્ચા
પ્લોટ મેન્ટેનન્સ ચાર્જ અલગથી ભરવાના રહેશે.

**: વિશેષતાઓ :**

- 500 મીટર ના અંતરે રેલ્વે સ્ટેશન
- 500 મીટર ના અંતરે ગણેશપુરા મંદિર
- 10 મિનિટ ના અંતરે બગોદરા વટામણ 6 લેન હાઈવે
- 10 મિનિટ ના અંતરે અરણેજ બુટ ભવાની માતાનું મંદિર
- 5 મિનિટ ના અંતરે સંભવિત મેટ્રો સ્ટેશન
- 15 મિનિટ ના અંતરે ગવર્મેન્ટ ડિક્લેર વર્લ્ડ હેરિટેજ (હડપ્પા સંસ્કૃતિ)
- 40 મિનિટ ના અંતરે ગવર્મેન્ટ ડિક્લેર ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ
- 13 મિનિટ ના અંતરે બગોદરા જે ભાવનગર, રાજકોટ, સુરેન્દ્રનગર ને જોડતા ધોરીમાર્ગ છે.
- 13 મિનિટ ના અંતરે બગોદરા, વટામણ
- 6 મિનિટ ના અંતરે ગવર્મેન્ટ ડિક્લેર ગાંગડ GIDC

કુદરતી અને અધ્યાત્મિક પ્રાકૃતિક વાતાવરણના સાનિધ્ય માં (પ્લોટ અને વિલા) ના માલિક બનો.








લોકેશન - કોઠ ગણેશપુરા રોડ, મોજે ગણેશપુરા કોઠ, તા. ધોળકા, જી. અમદાવાદ

**સંપર્કઃ સુરેશભાઈ - 9924212061, 6351999538**

# સમાચાર સંચય



ઉડાન સ્કૂલ, કોઠંબાના બાળકોએ જય મહાકાલ ની આકૃતિ બનાવી છે.

નિલેશ પટેલ સંદેશ પત્રકાર

કોઠંબા.

## કોઠંબાની ઉડાન સ્કૂલમાં શ્રીજીને ૬૫ વાનગીઓનો ભોગ અર્પણ કરાયો



કોઠંબા : લુણાવાડા તાલુકાના કોઠંબા ગામની ઉડાન સ્કૂલમાં ગણેશ સ્થાપનાના સાતમા દિવસે અદભૂત અન્નકુટ યોજાયો હતો. જેમાં વિવિધ પ્રકારની ૬૫ ઉપરાંત વાનગીઓનો ભોગ શ્રીજીને અર્પણ કરાયો હતો. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 29-10-2025

## હાસ્ય સમ્રાટ પદ્મશ્રી ડો.જગદીશ સાથે દિવાકર શુકલે હાસ્ય પીરસ્યું



લીમખેડા| ગંભીર બીમારીથી પિડીત ગરીબ દિકરીના લાભાર્થે સર સયાજીરાવ હોલ અકોટા વડોદરામાં વિશ્વ વિખ્યાત હાસ્ય સમ્રાટ પદ્મશ્રી ડો.જગદીશ ત્રિવેદી સાથે બાંડીબારના શિક્ષક તથા હાસ્ય કલાકાર દિવાકર શુકલ દ્વારા હાસ્ય રસ પીરસી કાર્યક્રમની આવક, ₹51,000 ડો.ત્રિવેદી દ્વારા દાન કરાયા હતા.

# સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખ તરીકે મિલિન્દ પુરોહિતની સર્વાનુમતે વરણી

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧૮

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરની જનરલ સભા તારીખ ૧૬ને બુધવારના રોજ સ્વામી સચ્ચિદાનંદ બ્રહ્મભવન સેક્ટર-૧૬ ખાતે યોજાઈ જેમાં ભાજપ ગાંધીનગર શહેર પ્રમુખ આશિષભાઈ દવે, મહાનગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ગૌરાંગભાઈ વ્યાસ, બ્રહ્મ અગ્રણી કૃષ્ણકાન્તભાઈ જહા, નિષીતભાઈ વ્યાસ, સર્વ પૂર્વ પ્રમુખો સહિત ખૂબ જ મોટી સંખ્યામાં બ્રહ્મ ભાઈઓ અને ભગિનીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ગુજરાત બ્રહ્મસમાજ અને ગાંધીનગર બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખ પિનાકિનભાઈ રાવલે સમગ્ર સમાજને સાથે રાખીને ભવિષ્યમાં સમાજ વધુ સંગઠિત અને વિકાસશીલ બને તેવા પોતાના વિચારો રજૂ કરી તમામ સંજોગોમાં સમાજ એક સૂત્ર રહેવો જાઈએ તેવો દ્રઢ નિર્ધાર વ્યક્ત કર્યો હતો અને સમાજની નવીન સમિતિની રચનાની ઘોષણા કરી હતી. વિદાય લઈ રહેલા પ્રમુખ નરેશભાઈ દવેની સારી કામગીરી બદલ આભાર વ્યક્ત કરીને ગાંધીનગર સમસ્ત બ્રહ્મ સમાજના નવીન પ્રમુખ તરીકે મિલિન્દભાઈ પુરોહિતની જાહેરાત કરવામાં આવી હતી. તેને સૌ બ્રહ્મજનોએ ઉમળકાભેર વધાવી પોતાનું સમર્થન જાહેર કર્યું તેની સાથે સાથે મહામંત્રી તરીકે મુકેશભાઈ શુક્લ અને મિતુલભાઈ જોષી, ખજાનચી તરીકે ડૉ. જે.કે. ઉપાધ્યાય અને ગાંધીનગર બ્રહ્મસમાજના જિલ્લા સંગઠક તરીકે શ્રી રાજેશભાઈ દવેની વરણી કરવામાં આવી હતી. યુવા પ્રમુખ તરીકે પ્રશાંતભાઈ શુક્લ, મહામંત્રી તરીકે તુષારભાઈ રાવલની, ખજાનચી તરીકે ડૉ. કેવલ ત્રિવેદી અને યુવા સંગઠક તરીકે ક્રિષ્નાભાઈ જાનીની વરણી કરવામાં આવી હતી.










શ્રી બસો સમસ્ત શ્રીગૌડ મંડળ, વડોદરાનો બળેવ નિમિત્તે નૂતન યજ્ઞોપવિત ધારણ કરવાનો કાર્યક્રમ તા. ૭/૮/૨૦૨૫નારોજ કેદારેશ્વર મંદિર (કીર્તિ મંદિર), વડોદરા ખાતે યોજાઇ ગયો. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો જોડાયા હતા. મુખ્ય યજમાન શ્રી રાજેન્દ્રભાઇ ઉપાધ્યાયે સમગ્ર વિધિનો ખર્ચ આપ્યો હતો. મંડળના કારોબારી સભ્યોએ તમામ વ્યવસ્થાનું આયોજન કર્યું હતું.




તા. ૨૪-૦૮-૨૦૨૫ના રોજ શ્રીગૌડ પ્રગતિ મંડળ,અમદાવાદ, પ્રમુખ શ્રીમતિ પારૂલ બહેન દવે, દ્વારા શ્રી કુમુદભાઈ દવે અને તેમના ધર્મપત્નીનું સન્માન કરવામાં આવ્યું.






મધવાસ મુકામે તા. ૩૦-૦૯-૨૦૨૫ના રોજ આસો નવરાત્રી આઠમ નવચંડી યજ્ઞ પ્રસંગે નવચંડી યજ્ઞ યોજાઈ ગયો. સ્વ. સૂર્યકાન્ત પુંજાલાલ શુકલ પરિવાર તરફથી થોરના પ્રસાદનું વિતરણ પુરા મધવાસ ગામ અને યજ્ઞમાં હાજરી આપનાર ધાર્મિક જનોને કરવામાં આવ્યું.







શ્રી મહાલક્ષ્મી મંદિર, મધવાસ ખાતે તા. ૦૧-૦૯-૨૦૨૫, અખો નોમના રોજ માતાજી પ્રાગટ્યોત્સવ નવચંડી યજ્ઞ યોજાયો. લગભગ ૧૦૦ જેટલા ધાર્મિકજનોએ પ્રસંગમાં હાજરી આપી હતી.

મધવાસ મુકામે યોજાયેલ પાટોત્સવમાં શ્રી બંધુઓનો અદભુત સહકાર મળ્યો. ૫૦ દાતાઓ તરફથી જે યોગદાન પ્રાપ્ત થયું અને પાંચ યજમાનો એ માતાજીની સીધી પૂજા નો લાભ પ્રાપ્ત કર્યો. તેવા સૌ દાતાશ્રીઓ અને યજમાનશ્રીઓ નો આભાર.

નવચંડીમાં ૧૦૦+ શ્રી બંધુઓ એ હાજરી આપી અને પ્રસંગને અદભૂત સફળ બનાવ્યો. સાંજે સૌ એ ભોજન પ્રસાંદી આરોગી એકબીજા માટે સ્નેહની લાગણી સાથે છૂટા પડ્યા હતા. વર્ષોવર્ષ સૌ શ્રીબંધુઓ સાથે રહી માતાજીના પ્રસંગો ઉજવતા રહે તેવી આશા.



તા. ૧૩-૦૯-૨૦૨૫ના રોજ આરોગ્યમ્ હોસ્પિટલ, અમદાવાદ ખાતે આપણા શ્રીબંધુ ડૉ. કેતનભાઈ શુક્લ અને ડૉ. રિદ્ધિબેન શુક્લ દ્વારા, ૩૧ શ્રીબંધુ ભાઈઓ અને બહેનોને કિડનીના રોગો તેમજ ગાયનેક રોગાના ચેકઅપ કૅમ્પનો લાભ આપવામાં આવેલ હતો. તેમના દ્વવારા જરૂરિયાત મુજબના તમામ ચેકઅપ, સોનોગ્રાફી, ફયુરૉમેટરી ટેસ્ટ, દવાઓ વિગેરે પણ વિના મુલ્યે આપવામાં આવી હતી.

સમાજની ટીમ દ્વારા શ્રી કેતનભાઈ શુક્લ અને રિદ્ધિબહેન શુક્લ અને એમની સમગ્રની ટીમનો સમસ્ત શ્રીગોડ સમાજ, ગુજરાત દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.







## કાશીબા આયુર્વેદિક હોસ્પિટલ - સાવલી

**NABH માન્ય**



# આપણી સંસ્કૃતિના મૂળમાં રહેલા આયુર્વેદિક ઉપચારો દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્યને પામીએ!

**Ayurvedic Care for a Harmonious Life.**

હવે દરેક સ્વાસ્થ્ય સમસ્યાનો આયુર્વેદિક ઉપચાર
કાશીબા આયુર્વેદિક હોસ્પિટલમાં.

- વૈજ્ઞાનિક રીતે માન્ય અને પરંપરાગત આયુર્વેદિક ઉપચારો
- નિષ્ણાંત વૈધ-તબીબો દ્વારા વ્યક્તિગત સારવાર
- શરીર, મન અને આત્માનું સંપૂર્ણ આરોગ્ય

પંચકર્મ | હર્બલ થેરાપી | પૌષ્ટિક ડાયેટ

## આયુર્વેદ સાથે સ્વાસ્થ્યની નવી ઊંચાઈઓ પર પહોંચો!



**ધર્મેશ ભાનુપ્રસાદ પંડ્યા**
(મેનેજીંગ ટ્રસ્ટી)

KJIT કેમ્પસ, ITI-નવી કોર્ટ સામે, સાવલી, જી.વડોદરા

વધુ માહિતી માટે સંપર્ક:
02667-290541, 757 304 1994

www.kjiar.edu.in/kashiba

# શ્રી શ્રી ગૌડ શુભેચ્છક મંડળ ગૃહસ્થ પક્ષ નાનું તળ ગોધરા એકમ

શ્રી શ્રીગૌડ મંડળ ગૃહસ્થ પક્ષ નાનું તળ ગુજરાત એકમ દ્વારા આયોજિત તા. ૫-૧૦-૨૫ ને રવિવારે નવચંડી યજ્ઞ તથા તેજસ્વી તારલાઓના સન્માન સમારંભનું આયોજન અંકલેશ્વર મહાદેવ મંદિર, ગોધરા ખાતે યોજવામાં આવ્યો હતો.

સૌપ્રથમ નવચંડીનો સવારે પ્રારંભ કરી સાંજે ૫:૩૦ વાગે શ્રીફળ હોમવાનું આવ્યું અને પૂર્ણાહૂતિ બાદ તેજસ્વી તારલાઓનું ધોરણ ૧ થી ૧૨ તથા ગ્રેજ્યુએટ થયેલા દરેકને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ત્યારબાદ દરેક શ્રી બંધુઓ પરિવાર સહ મહાપ્રસાદ લઈ અતિ આનંદ અનુભવ્યો. સુંદર મજામાણી સર્વે પોતાના ઘર તરફ પ્રયાણ કર્યું.

આભાર

આપનો શ્રી બંધુ

કન્વીનર - શ્રી મનોજભાઈ જોશી, પ્રમુખશ્રી - નિતેશભાઇ દવે

સેક્રેટરી શ્રી - ગોપાલ (હેમંત) ઉપાધ્યાય અને તમામ કારોબારી સભ્યશ્રીઓ





# મહાલક્ષ્મી ધામ શહેરા

તા. ૦૬-૦૯-૨૦૨૫, આસો સુદ ૧૪ના રોજ શ્રી મહાલક્ષ્મી ધામ, શહેરા ખાતે માતાજીનો પાટોત્સવ નિમિત્તે નવચંડી યજ્ઞ અને શાસ્ત્રોક્ત પુજા યોજાઈ હતી. સર્વે ભક્ત જનોએ આ પ્રસંગનો લાભ લીધો હતો. સાંજે પૂર્ણાહુતિ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તજનો હાજર રહી માતાજીનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો. મહાલક્ષ્મી ધામ, શહેરા ખૂબ સરસ સામાજિક પ્રવૃત્તિઓ કરે છે.







## એન્જિનિયરીંગ અભ્યાસ માટે શ્રેષ્ઠ વિકલ્પ (સાવલી) વડોદરામાં

# K.J. INSTITUTE OF ENGINEERING & TECHNOLOGY

## Savli, Dist. Vadodara

(Approved by AICTE, Affiliated to Gujarat Technological University)






વાર્ષિક ૮ લાખથી ઓછી આવકવાળા વિદ્યાર્થીઓ માટે

**100% Scholarship (NO FEES)**

**Diploma (Polytechnic) – Degree Engineering College**

| SSC ધો. ૧૦ પછી<br>૩ વર્ષનો ડીપ્લોમા | HSC ધો. ૧૨ પછી<br>૪ વર્ષનો B.E. એન્જીનીયરીંગ કોર્સ |
|---|---|

- Computer
- I.T.
- E.C.
- Mechanical
- Electrical
- Civil
- Automobile

**સફળતાપૂર્વક અભ્યાસ પછી ૧૦૦% ગેરંટીડ પ્લેસમેન્ટ અથવા પુરી ફી પાછી.**

- કૉલેજ કેમ્પસમાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે હોસ્ટેલની સવલત
- વડોદરા શહેરના વિવિધ સ્થળોએથી કૉલેજ બસની સુવિધા

K. J. Campus, Opp. I.T.I., Savli - 391770, Dist. Vadodara. | Ph. : (02667) 222264 ☎: 8980314190

VADODARA ADMISSION HELP CENTRE :

C-212, Manubhai Tower, Near Havmor Restaurant, Sayajigunj, Vadodara. | ☎: (0265) 2222 900 www.kjit.org





//મહાલક્ષ્મી માતાના પ્રાગટ્ય દિનની ઉજવણી:ભાવનીહેલી:આનંદની લ્હાણી/

ભાદરવા સુદ નોમ 1-9-'25ને સોમવારે ફૂળદેવી મહાલક્ષ્મી માતાજીના પ્રાગટ્ય દિન-ની ઉજવણી અત્યંત ભક્તિભાવ,આનંદ, ઉત્સાહ અને ઉલ્લાસ સાથે સંપન્ન થઇ.સ્થા-નિક તથા બહારગામથી આવેલા આદરણીય જ્ઞાતિબંધુઓ/બહેનો સમય ફાળવી ઉલટભેર ઉજવણીમાં સમ્મિલિત થતાં ફૂળદેવીના પ્રાગટ્યનો અવસર એક ઉત્સવ બની રહ્યો.તેમની હાજરી જ્ઞાતિના મંડળના હોદ્દેદારો/સભ્યો/કાર્યકરો માટે પ્રેરક અને પ્રોત્સાહક બની રહી.

આ સાથે અન્ય જ્ઞાતિજનો અને યુવા પેઢીએ પણ રુબરુમાં ન આવી શકતાં ઓનલાઈન પેમેન્ટ પ્લેટફોર્મ દ્વારા નોંધપાત્ર

રકમનું યોગદાન આપી ઉજવણીમાં સામેલ થયા એ પણ આ વર્ષની ઉજવણીની એક વિશેષતા છે.આ સ્વરુપે લુણાવાડા અને ઉજવણી બન્ને જ્ઞાતિજનો રહેતા હોય એવાં શહેરો/નગરના સીમાડા સુધી પહોંચ્યાં એ ઊજવણીની પરંપરાનું એક સુવર્ણ પૃષ્ઠ છે. રુબરુમાં કે ઓનલાઈન કરાતું યોગદાન જેમ જેમ આવતું ગયું તેમ તેમ તેની નોંધ કરવી અને મોડી રાતે પણ તેની રસીદો બનાવી માગણી થાય તે પહેલાં વોટસેપ ગૃપમાં મૂકવાની ચીવટ, પારદર્શિતા, સમયસરતા દર્શાવવાનું શ્રેય શ્રી પરેશભાઈ ઉપાધ્યાયને આપતાં મને આનંદ થાય છે

ઉજવણી સફળ/સાર્થક રહે,દર્શનથી માંડીને પ્રસાદ સ્વરૂપ બન્ને સમયનું ભોજન, લુણાવાડા નહીં આવી શકેલા જ્ઞાતિજનોને

ઘેરબેઠાં પ્રસાદ મળે તેની તથા અન્ય સુવિધા માટેની વ્યવસ્થા પોતાનાં કામકાજ બાજુએ મૂકીને કેટલાય દિવસો અગાઉથી કરનારા મંડળના હોદ્દેદારો/સભ્યો/ સ્થાનિક જ્ઞાતિબંધુઓને ધન્યવાદ. આવા સંનિષ્ઠ જ્ઞાતિજનો સર્વશ્રી પરેશભાઈ ઉપાધ્યાય, સંદીપભાઈ દેવાશ્રયી,યજ્ઞેશભાઈ ભટ્ટ, હિતેશભાઈ(રસોડા ઈનચાર્જ),ગોપાલભાઈ પુરોહિત,અજયભાઈ દવે,શીતલભાઈ,મેહુલ વ્યાસ અને અન્ય બંધુઓની મહેનત અને મૂક સેવાભાવ પ્રશંસનીય છે.મારી અનુપસ્થિતિમાં નિર્ણયો લેવાની મહત્વની કામગીરી ઉત્સાહપૂર્વક સંભાળનારા માનનીય ઉપપ્રમુખશ્રી શીતલબહેન દેવાશ્રયી ધન્યવાદને પાત્ર છે.પ્રસંગની સફળતા, કાર્યકરોના નિરપેક્ષ ટીમ વર્કને તથા જ્ઞાતિના

અવસરને સફળ બનાવવા માટેની તેમની તૈયારી (Preparedness)તત્પરતા(Readi–ness)અને ત્વરા (Dynamism)ને રુબરુમાં /ફોન દ્વારા બિરદાવનારા અનેક જ્ઞાતિજનોના અમે ઓશિંગણ છીએ.

હવન કુંડ બનાવનાર કલાકાર અશોકભાઈ, મંડપ તૈયાર કરનાર કામદારો તથા સાઉન્ડ--લાઈટના ટેકનિશિયનો,મુખ્ય રસોઇયાભાઈ, તેમના સહાયક બહેનો--ભાઈઓ,સફાઈ કામદાર,ઔદિચ્ય જ્ઞાતિની વાડીના વ્યવસ્થાપકો તથા અન્ય સુવિધા પૂરી પાડનારા સજ્જનોએ ઉજવણીની સફળતા માટે આપેલા યોગદાનની નોંધ લેતાં આનંદ થાય છે.કોઈ સેવાદાર શ્રીબંધુનો ઉલ્લેખ રહી ગયો હોય તો ક્ષમાપ્રાર્થી છું.

અગાઉનાં વર્ષોની ઉજવણીની નવચંડીના આચાર્ય શુક્લદેવ શ્રી અનિરુદ્ધભાઈના પરિવાર,આ વર્ષની નવચંડીના આચાર્ય સહિતના ભૂદેવો,આ વર્ષના યજમાન શ્રી દધીચ ભટ્ટ ,તેમના માતાપિતા દક્ષાબહેન અને શ્રી જગદીશભાઈ જયશંકર ભટ્ટ(મુંબઈ)નો વિશેષ આભાર.

દર વર્ષની જેમ આ વખતે પણ જૈફ વયે છેક ગાંધીનગરથી આવેલા આપણા સૌના વડીલ શ્રી ભાનુભાઈની ઉપસ્થિતિ ખરેખર પ્રેરક બની રહી તો નહીં આવી શકેલા જ્ઞાતિજનોની અનુપસ્થિતિ સાલી.

આ પ્રસંગે નોંધપાત્ર સંખ્યામાં હાજર રહેલા પીતાંબરધારી તમામ ભૂદેવો વંદનને પાત્ર બની રહ્યા.

કૂળ દેવીના પ્રાગટ્ય દિનની ઉજવણીની

ભવ્ય પરંપરા પ્રસ્થાપિત કરી તેનો વારસો આપણને આપી જનારા આપણા સદગત જ્ઞાતિજનો,જ્ઞાતીમંડળના પૂર્વ પ્રમુખશ્રીઓ/ હોદ્દેદારોના ઋણ સ્વીકાર સાથે સૌ જ્ઞાતિજનો પર મહાલક્ષ્મી માના આશીર્વાદ/ કૃપા વરસતી રહે એ જ પ્રાર્થના.

પ્રાગટ્યદિનની ઉજવણી દરમિયાન સૌના શ્રદ્ધાભાવની હેલી નિહાળી થયેલા આનંદની આ લ્હાણી કરતાં અત્યંત પ્રસન્નતા અનુભવું છું.

ઉજવણીની સફળતા/આનંદ/ઉલ્લાસનું શ્રેય અને યશ શ્રીગૌડ વિદ્યોત્તેજક મંડળના પદાધિકારીઓ અને સૌ શ્રીબધુંઓ/બહેનોને અત્યંત આભારપૂર્વક આપવા સાથે અને કોઈ ઉણપ/ક્ષતિ જણાઈ હોય તો એનું ઉત્તરદાયિત્વ પ્રમુખ તરીકે નમ્રતાપૂર્વ મારી

પાસે રાખી જ્ઞાતિના આગામી કાર્યક્રમોમાં સૌના બહોળા સાથસહકાર અને સહયોગની આશા/અપેક્ષા સાથે અસ્તુ —

3-9–'25 મહેશભટ્ટ(મુંબઈ)ના

જય મહાલક્ષ્મી

પ્રમુખ

શ્રીગૌડ બ્રાહ્મણ ગૃહસ્થ પક્ષ

મોટું તડ(40ની જ્ઞાતિ) અને

શ્રીગૌડ વિદ્યોત્તેજક મંડળ

લુણાવાડા







સદાશિવ
આયુર્વેદિક ક્લિનીક
પંચકર્મ એન્ડ એક્યુપંચર સેન્ટર
ડૉ. તરૂણ શુકલ
બી.એસ.એ.એમ.
ડૉ. નિર્જર ટી. શુકલ
બી.એ.એમ.એસ., એફ.એ.જી.ઈ.
પીજી ડીપ્લોમા ઈન એક્યુપંક્ચર
પીજી સર્ટી ઈન પંચકર્મ
શ્રીમા એન. શુકલ
એમ.એસ.સી. (1st Class)
બી.એ.એમ.એસ. (Cont.)
હાટડીયા બજાર, લુણાવાડા, જિ. મહીસાગર
સોમ થી શુક્ર સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮, શનિ ૯ થી ૧
૫-બી, શ્રુતિ કુંજ સોસાયટી, વિભાગ-૧, ઈલાજ મેડીકલ સ્ટોરની બાજુમાં,
જુના રેલ્વે ક્રોસીંગની પાસે, મણિનગર પૂર્વ, અમદાવાદ.
બીજો અને ચોથો શનિ - રવિ સવારે ૧૧ થી સાંજે ૭
Mobile : +91 99799 56633 94296 18855
E-mail : shadashiv.ayurvedic.clinic@gmail.com
Website : www.shadashivayurvedic.in
ઉપલબ્ધ સારવાર
વાળ અને ચામડીના રોગોની સારવાર
ચામડી લટકી પડવી (રીંકલ) માટેની એક્યુપંચરથી સારવાર
અલ્પ વિકસીત સ્તનના વિકાસ માટે અદ્યતન મશીન દ્વારા સારવાર
ટાલમાં વાળ લાવવા માટેની સારવાર
વાળના ખોડાની સારવાર, ખરતા વાળ અટકાવવાની સારવાર
આયુર્વેદિક પંચકર્મ (વમન, વિરેચન, નસ્ય, બસ્તિ, રક્ત મોક્ષણ)
કોઈપણ આડઅસર વગર વજન ઘટાડવા માટેની ઉત્તમ સારવાર
પ્રસુતિ પછી વધતા પેટ અટકાવવાની સારવાર
તમામ પ્રકારના જુના હઠિલા રોગોની ઉત્તમ આયુર્વેદિક સારવાર ઉપલબ્ધ
સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર
ઈચ્છિત સંતાન પ્રાપ્તિ માટે પુંસવનન કર્મ
સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર

સંદેશ.. કાલોલ.. ભરતસિંહ સોલંકી

## કાલોલમાં મહાલક્ષ્મી માતાજીના પ્રાગટય દિને નવચંડી મહાયજ્ઞ યોજાયો



કાલોલ : કાલોલ શહેરના શ્રીગોડ જ્ઞાતિ જીર્ણ પક્ષ (૧૩૫) દશગામ પંચ સમસ્ત જ્ઞાતિજનો દ્વારા તેમની કુળદેવી શ્રી મહાલક્ષ્મી માતાજીના મંદિરે આજે પ્રાગટ્ય દિવસની ઉજવણી કરાઈ હતી. જે અંતર્ગત નવચંડી યજ્ઞ યોજાયો હતો. જેમાં નવ દંપતીઓના હસ્તે અને નવ ભુદેવો દ્વારા શાસ્ત્રોક્ત વિધિસર મહાપુજાની પુજા, અર્ચના, મહાઆરતી કરાઈ હતી. યજ્ઞમાં મોટી સંખ્યામાં શ્રીગોડ જ્ઞાતિના ભાવિભકતોએ પરીવાર સાથે ઉપસ્થિત રહ્યા હતાં.




















**કાલોલ મહાલક્ષ્મી માતા મંદિર દ્વારા, સર્વે પરિવારજનોને (ઘેર બેઠા) વિક્રમ સંવત ૨૦૮૨ નું, શ્રી મહાલક્ષ્મી દિવાળી પંચાંગ વિતરણની કામગીરી કરવામાં આવી છે. આવી સકારાત્મક કામગીરી બદલ ખૂબ ખૂબ અભિનંદન...**



તા. ૨૧-૧૦-૨૦૨૫, મંગળવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે શ્રી મહાલક્ષ્મી મંદિર, કાલોલ ખાતે અન્નકુટ દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. અનેક ભક્તજનોએ તેનો લાભ લીધો હતો.



શ્રી બસો સમસ્ત શ્રીગૌડ મંડળ, વડોદરા દ્વારા તા-12/10/2025ને રવિવારના રોજ  શરદોત્સવ નિમિત્તે ગરબાનો કાર્યક્રમ શ્રી વાલમ બ્રાહ્મણ હોલ, હરણી ,વડોદરા ખાતે યોજાઇ ગયો. જેમાં બહુ મોટી સંખ્યામાં જ્ઞાતિજનો જોડાયા હતા. વડોદરા નિવાસી શ્રી ઘનશ્યામભાઇ રેવાશંકર ઉપાધ્યાયને ત્યાં પૌત્ર - પૌત્રીના જન્મપ્રસંગે સૌને  લહાણી આપવામાં આવી હતી. પ્રમુખ શ્રી આશિષ પાઠક , ઉપપ્રમુખ શ્રી મહેશ જોશી, મંત્રી શ્રી જતીન ઉપાધ્યાય,સહમંત્રી શ્રી મહેન્દ્રભાઇ જોશી, ખજાનચી શ્રી મનીષ જોશી , સહખજાનચી શ્રી પંકજ ઉપાધ્યાય, કારોબારી સભ્યો- શ્રી હરીશ જોશી, શ્રી નિશાંત પાઠક, શ્રી ભાર્ગવ ભટ્ટ, તથા મહિલા પાંખના સભ્યો એ કાર્યક્રમને સફળ બનાવવામાં એક થઇ  ખૂબ જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમના અંતે સ્વાદિષ્ટ ભોજનની લિજ્જત માણતા સૌએ કાર્યક્રમ સ્થળ તથા સમગ્ર વ્યવસ્થાને ભરપૂર વખાણી હતી.

ટ્રસ્ટ રજી. નંબર : ઇ-૭૨૮૩/૧૯૮૯
AMC રજી. નં. : PIEL ૪૧૬૨૩/૧૯૯૫

૯૮ ૭૯ ૭૯ ૪૧ ૩૪
૯૮ ૭૯ ૬૦ ૪૧ ૩૪

॥ શ્રી ગણેશાય નમઃ ॥

Estd.1995
V. M. B.

હસમુખ જોષી સ્થાપિત

# વિધાતા મેરેજ બ્યુરો

વિધાતા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ

૧૯૯૫થી ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાનના તેમજ ભારતના, વિદેશના સર્વજ્ઞાતિના તમામ પ્રકારના જીવનસાથી પાત્રો ૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર લગ્ન સંસ્થા

સર્વ જ્ઞાતિના અભણ, ઓછું ભણેલા, નોન ગ્રેજ્યુએટ, ડીગ્રીધારક - મેડીકલ, એન્જીનીયરીંગના ઉચ્ચ શિક્ષિત ભારતના - વિદેશના NRI માટેના જીવનસાથી પાત્રો ૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર કોમ્પ્યુટરાઇઝ્ડ લગ્ન સંસ્થા

અપરણિત ● છુટાછેડા ● વિધવા ● વિધુર ● સીનીયર સીટીઝન
સફેદદાગ ● વિકલાંગ ● શારિરીક ક્ષતિ ● મુકબધિર ● પ્રજ્ઞાચક્ષુ
HIV ● NRIયુવક-યુવતિના લાયક અને યોગ્ય જીવનસાથી
પાત્રો આપની પસંદગી અને ઇચ્છા અનુસાર કોન્ટેક કરાવી આપવામાં આવે છે.

**એક ફોન / મુલાકાત આપની જિંદગી બદલી શકે છે.**

૩૧૬, ત્રીજોમાળ, સીટીગેટ, વિશાલા હોટલ અને રાજયશ સીટીની વચ્ચે, ન્યુ વાસણા, અમદાવાદ.
સમય : ૧૦ થી ૮ ● રવિવાર ૧૦ થી ૧ ● જાહેર રજાએ ચાલુ
Website : www.vidhatamarriage.com
E-mail : contact@vidhatamarriage.com

"લગ્ન સ્વર્ગમાં રચાય છે, તેમની જોડી "વિધાતા" યોગ્ય સમયે મેળવી આપે છે, તેમાં પુરુષાર્થ થકી પ્રારબ્ધ ઘડવાની "વિધાતા" પણ છૂટ આપે છે."

નિલમ જોષી
ધ્વનિ જોષી

દિના જોષી
મેનેજર

# શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ, વડોદરા દ્વારા કુળદેવી માઁ મહાલક્ષ્મી માતા ના પ્રસ્થાપિત દિન ભાદરવા સુદ ૯ તા.૧/૯/૨૦૨૫ ના રોજ નવચંડી યજ્ઞ કાર્યક્રમના છે.

શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ, વડોદરા દ્વારા માં મહાલક્ષ્મી માતાજીના પ્રસ્થાપિત દિન ભાદરવા સુદ નોમ તા.૧/૯/૨૦૨૫ ને સોમવારે માં કુળદેવીશ્રીના ઉજવણીના ભાગરૂપે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. યજમાન તરીકે શ્રી સંજયભાઈ દવે, શ્રી અસિતભાઈ શુક્લ અને શ્રી વત્સલભાઈ શુક્લ માં શ્રી ની સેવાભાવે સજોડે પૂજન કર્યું હતું .આ ભગીરથ કર્મમાં અનેક દાતાશ્રીઓ એ માં ના શ્રી ચરણમાં સેવાભાવ ભેટ અર્પણ કરી હતી તે બદલ સમગ્ર ટ્રસ્ટી મંડળ તેઓશ્રી પ્રતિ અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરે છે. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત સૌ દર્શનાર્થીઓ,મંડળના સૌ સદસ્યગણ ભાઈ, ભગિનીઓ ઉપરાંત અમદાવાદથી પધારેલ મહેમાન શ્રી જયંતભાઈ જોશી અને શ્રી દક્ષેશભાઈ પુરોહિતનું સ્વાગત પ્રમુખશ્રી જયેન્દ્ર દવે એ કર્યું હતું અને પૂર્ણાહુતિ ના અંતે મંત્રીશ્રી મનોજભાઈ શુક્લ એ સૌ સહયોગીઓ પ્રતિ આભાર વ્યક્ત કર્યો હતો. ટ્રસ્ટી મંડળના સૌ સદસ્ય ને ખાસ કરીને શ્રી પ્રશાંત પાઠક , શ્રી યોગેશ દવે , શ્રી સૌમિલ શુક્લ , શ્રી નાગેશ પુરોહિત , મહિલા પાંખના મંત્રી શ્રીમતિ આરતીબેન દવે એ ભારે જહેમત થકી સમગ્ર નવચંડી યજ્ઞના કાર્યક્રમને સફળ બનાવનાર શિલ્પકાર હતાં. સૌ એ મહાપ્રસાદ આરોગી વિદાય લીધી .



શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ ,વડોદરા ની મહિલા પાંખ દ્વારા સુયોજિત આવતીકાલ તા.૨૪/૮/૨૦૨૫ ને રવિવાર મણિ લક્ષ્મી તીર્થ...ગણેશ કોઠ તેમજ બુટભવાની ના એક દિવસીય મહિલા પ્રવાસ આનંદમય...મનોરંજક...રમણીય... ને સુખદાયક બની રહે એ શુભેચ્છાઓ સહિત સફળ બની રહે એ માટે આપ સૌને શુભકામના .

શ્રી મનોજ શુક્લ — શ્રી જયેન્દ્ર દવે

મંત્રી — પ્રમુખ

અને

સમગ્ર ટ્રસ્ટી મંડળ ટીમ





# શ્રીગૌડ પરિવાર માં સૌ પ્રથમ વખત અમદાવાદમાં સામુહિક બળેવ અને રક્ષાબંધન પર્વની ઉત્સાહભેર ઉજવણી કાર્યક્રમ નું આયોજન



શ્રી સિદ્ધેશ્વર મહાદેવ, ઈસનપુર, અમદાવાદ ખાતે તા. ૦૯-૦૮-૨૦૨૫ને શનિવારના રોજ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જનોઈ બદલવા માટે શાસ્ત્રોક્ત વિધિ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં શ્રીબંધુઓએ ભાગ લીધો હતો.






સર્વે શ્રીગૌડ શ્રીબંધુઓને અમિતભાઈ જોશીના
જય મહાલક્ષ્મી.

૨૫ વર્ષ જૂના અને જાણીતા







# જોષી ચશ્માવાલા
## & કોન્ટેક લેન્સ ક્લિનીક

**નંબરના ચશ્મા, ગોગલ્સ અને**
**કોન્ટેક્ટ લેન્સ મેળવવાનું એકમાત્ર સ્થળ**

૧૪, શ્યામ ગોલ્ડ સિનેમા કોમ્પલેક્ષ,
બારેજા, તા. દસ્ક્રોઈ, જિ. અમદાવાદ.
મો. ૮૨૩૮૮૧૧૫૯૧

# શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ, વડોદરા

શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ, વડોદરા અને મંડળની મહિલા પાંખ દ્વારા આયોજિત તા.૫/૧૦/૨૦૨૫ ને રવિવારનો શરદોત્સવ કાર્યક્રમ વાલમ બ્રાહ્મણ સમાજ હૉલ, હરણી સ્થિત ઉજવવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રમુખ શ્રી જયેન્દ્ર દવે દ્વારા માં મહાલક્ષ્મી માતાજી સન્મુખ દીપ પ્રગટાવી કરવામાં આવી અને મંડળના મંત્રી શ્રી મનોજભાઈ શુક્લ એ સૌ ઉપસ્થિત સદસ્ય ભાઈઓ, ભગિનીઓ, બાળકો તેમજ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

માં મહાલક્ષ્મીની સ્તુતિ કરી માં અંબાજી સમક્ષ દિવડા પ્રગટાવી ભક્તિ ભાવે સામૂહિક આરતી કરવામાં આવી હતી.

મંડળની મહિલા પાંખ દ્વારા ઓપરેશન સિંદૂરનો ગરબો પ્રથમ રજૂ કર્યા બાદ મંડળના સૌ ભાઈઓ , ભગિનીઓ અને બાળકોના સંગ સથવારે માં ના ત્રિગુણાત્મક સ્વરૂપ માં જગદંબા ના સાનિધ્યમાં ગરબાના શબ્દ સૂર સુરાવલીએ લગભગ ત્રણ કલાક સુધી મન મોજીલા ભાવે સૌ ગરબે ઘૂમી સમરસ આનંદ માણ્યો અને સૌ જોનાર ને સાક્ષાત્ માતાજી ગરબે ઘૂમતા હોય એવી અનુભૂતિ થઈ હતી.

ફરતે ગરબે સૌ બહેનોને અને બાળકો ને શ્રીમતિ મીતુબેન અસિત શુક્લ તરફથી લ્હાણી ભેટ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમની સુવર્ણ સફળતાના મુખ્ય શિલ્પકાર ૧૨૫ ઉપસ્થિતિ ભાઈ બહેનો ઉપરાંત મહિલા પાંખના કમિટીના સદસ્યો, ટ્રસ્ટના હોદ્દેદાર અને સૌ ટ્રસ્ટી સભ્યો હતાં. શ્રીમતી આરતીબેન દવે એ કાર્યક્રમનું સરળ સંચાલન કર્યું હતું.

અંતે મંડળ દ્વારા કરવામાં આવેલ દૂધપૌંઆ અને સુંદર નાસ્તા ને ન્યાય આપી સૌ એ ઘર તરફ પ્રયાણ કર્યું.

**મંત્રી-શ્રી મનોજ શુક્લ, પ્રમુખ- શ્રી જયેન્દ્ર દવે.**

**અને**

**ટ્રસ્ટી સદસ્ય ગણ અને મહિલા પાંખના સૌ કમિટી સભ્ય**







# શ્રીગૌડ પ્રગતિ મંડળ અમદાવાદ

તા.૨૪.૦૮.૨૫ ની વાર્ષિક સામન્ય સભા મા નવા નિમણુંક થયેલા કારોબારી સદસ્યશ્રીઓ ની પ્રથમ સભા સિદ્ધિ વિનાયક પાર્ક, મણિનગર ખાતે તા ૨૯.૦૮.૨૫ ના રોજ સાંજે ૭.૩૦ કલાકે આયોજિત થયેલ. જેમાં ઉપસ્થિત સર્વે સદસ્યો એ સર્વાનુમતે હોદ્દેદારોની વરણી નીચે મુજબ કરેલ છે.

૧ અધ્યક્ષ :શ્રી હરીન્દ્રભાઈ પાઠક

૨ ઉપાધ્યક્ષ :શ્રી અમિતભાઇ જોષી

૩ મંત્રી : શ્રી ચંદ્રેશભાઈ અગ્નિહોત્રી

૪.સહ મંત્રીઃ શ્રી બ્રીજેશભાઈ જોષી

૫ મુખ્ય હિસાબનીશ :શ્રી દિપકભાઈ શુકલ

૬ કારોબારી સદસ્ય :શ્રીમતી પારૂલ બેન દવે

૭.કારોબારી સદસ્ય : શ્રી પરેશ ભાઈ પાઠક

૮ કારોબારી સદસ્ય :શ્રી પ્રશાંતભાઈ દવે

૯ કારોબારી સદસ્યઃ શ્રીપ્રશાંતભાઈ પાઠક

૧૦ કરોબારી સદસ્યઃશ્રી દિગંતભાઈ જોષી

૧૧ કારોબારી સદસ્યઃ શ્રીમતી પ્રતિમાબેન ઉપાધ્યાય

૧૨ કારોબારી સદસ્ય :શ્રીમતી ધ્રુવા બેન દવે







# શરદોત્સવ – ૨૦૨૫

શ્રીબંધુઓ માટે એકદિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમ રૂપે, સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત તથા શ્રીગૌડ સાડત્રીસ સમાજ ના સંયુક્ત ઉપક્રમે શરદોત્સવ – ૨૦૨૫ નું ભવ્ય આયોજન તા. ૫-૧૦-૨૦૨૫, રવિવારના રોજ, સરદાર પટેલ સેવા સમાજ લોન ગ્રાઉન્ડ ખાતે ખૂબ જ ઉત્સાહપૂર્વક અને શ્રદ્ધાભાવથી યોજાયું.

આ અવસરે મોટી સંખ્યામાં શ્રીબંધુઓએ ઉપસ્થિતિ આપી ઉત્સવને સફળતાની શિખરે પહોંચાડ્યો. સમગ્ર મેદાનમાં ભક્તિ, આનંદ અને એકતાનો માહોલ છવાઈ ગયો હતો.

કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે શ્રી અમુલભાઈ ભટ્ટ (માનનીય ધારાસભ્ય) તથા શ્રીમતી ધારિણીબેન શુક્લ (પ્રમુખ – મહિલા પાંખ, સમસ્ત બ્રહ્મસમાજ ગુજરાત) ની ખાસ ઉપસ્થિતિ રહી હતી. તેમની ઉપસ્થિતિએ કાર્યક્રમને વધુ ગૌરવપૂર્ણ બનાવ્યો.

સાંજના ભાગે માતાજીના આશીર્વાદ રૂપે શરૂ થયેલા રાસ-ગરબા મહોત્સવમાં, નાનાં ભૂલકાઓથી લઈને વડીલ ખેલૈયાઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. રંગબેરંગી પરિધાનોમાં ખેલૈયાઓના તાલબદ્ધ પગલાં અને સંગીતના સરગમ સાથે સમગ્ર વાતાવરણ ભાવવિભોર બની ગયું.

ઈનામદાતાશ્રીના સહકારથી, વિજેતા ખેલૈયાઓને ઈનામ આપી તેમનું પ્રોત્સાહન કરવામાં આવ્યું, જેનાથી સૌમાં આનંદનો માહોલ વધુ ગાઢ બન્યો.

કાર્યક્રમની શરૂઆત માં સુંદર રીતે માતાજીની આરતી યોજાઈ, જેમાં સૌ શ્રીબંધુઓએ માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ત્યારબાદ સ્વાદિષ્ટ ભોજન પ્રસાદ ની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી.

આવો ભવ્ય અને સફળ કાર્યક્રમ આયોજન કરવા બદલ સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત તથા શ્રીગૌડ સાડત્રીસ સમાજ ને હૃદયપૂર્વક શુભકામનાઓ અને અભિનંદન.

આવો ઉત્સવ આપણો સમાજ વધુ એકતાશીલ, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક બને એ માટે પ્રેરણારૂપ સાબિત થશે.






STUDY ABROAD
HIMESH SHUKLA
M. : 98254 70163
96645 68195
SHRIDHAR INVESTMENTS
MUTUAL FUND
MEDICLAIM & CAR INSURANCE
SIP કરો - શ્રીમંત બનો

















# મહાલક્ષ્મી મંદિર કાલોલ

માતાજી પ્રાગટયોત્સવ પ્રસંગે શ્રીગૌડ જાગૃતિના તંત્રીશ્રી રાજેશ પંડ્યા - રાજ નું બહુમાન, પ્રમુખ, ૧૩૫ કાલોલ મહાલક્ષ્મી મંદિર ટ્રસ્ટના શ્રી નિતિનભાઈ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું.



# ખુશીનું વૈદું

* આદુનો રસ મધ સાથે લેવાથી હંમેશા ઉધરસમાં રાહત થાય છે.
* ફૂદીનાના દસેક પાન, આદુનો ટુકડો, લીલી હળદરનો ટુકડો, આંબા હળદરનો ટુકડો, તુલસીના પાંચ પાન મિક્ષરમાં ક્રશ કરીને, એનો રસ લેવાથી ઈમ્યુનીટી સિસ્ટમ તેજ બની જશે, જે અનેક રોગો સામે રક્ષણ આપે છે.
* રાતે સૂતી વખતે એ ચમચી ગંઠોડા, ટુકડો ગોળ, એક ચમચી ઘી નો ઉકાળો તમને અનિદ્રા સામે કાયમ રાહત આપશે.
* આંબળા અને હળદર એક નિર્દોષ પણ સચોટ ઔષધ ડાયાબિટીસ માટે ગણાય છે.
* બ્રાહ્મી અને શંખપુષ્પી સાથે જટામાંસી અને અશ્વગંધા, સાકર ટુકડો, દરેક સમભાગે લઈ બનાવેલા ઉકાળાથી ડીપ્રેશન જેવા રોગમાં ઘણી રાહત મળે છે.
* દૂધી-સરગવાના રસનો રોજ ઉપયોગ તમને હાર્ટ એટેકથી બચાવે છે. રોગપ્રતિકારક શક્તિનો વધારો થાય છે.
* શિયાળામાં રોજ સંતરા જ્યુસ અચૂક લેવું જોઈએ. શરીરમાં અમ્લતા પેદા કર્યા વગર અનેક રક્ત ઊણપો પૂરી કરે છે.

# EMERALD DEVELOPERS


## KAMLESH PATHAK

**Managing Director**

info@emeralddevelopers.in

105, 1st Floor, Emerald House,
Choice Restaurant Lane,
Nr. Swastik Cross Road, CG Road,
Navrangpura, Ahmedabad - 9, Gujarat, INDIA.

TROPICAL SOLAR ENERGY



Working to safeguard India's energy future

101 Emerald, Opp Hotel Crown, CG Road, Ahmedabad, Gujarat, India 380009.
www.tropicalsolar.in | Email: info@tropicalsolar.in | Contact: +91 9428510372

તંત્રીશ્રી,
રાજેશ પંડ્યા "રાજ"
અમદાવાદ
@ ( સ્વ..રચિત )



# "કાળી"

" કાશીમાને શું થયું ? "ગામના બધાં એક જ વાત કરતાં હતાં. ભાવનગર પાસેના નાના સરખાં એક ગામમાં આજે બધાં ગામલોકો આજ ચર્ચા કરતા હતાં. 108 આવી ,પાડોશી રમણ મા ને લઈ એમા બેઠો. ભાવનગર સિવિલમાં મા ને લઈ ગયા. મા બેભાન હતાં. બપોર થઈ.ત્યાં તો, કાશીમાના આંગણામાં આખી સભા ભરાઈ.પણ કોની. બે કૂતરીઓ, ચાર ગલૂડિયાં ,બે બિલાડીઓ ,ત્રણ ગાયો, ટોડલે મોર ,ઢેલ,પોપટ,કબૂતરો ,કાબરો .. આ જોઈ પાડોશી રમણની પત્ની ગૌરી, કાશીમાની

જેમ આ બધાંને મનભાવતું ખવડાવવા આંગણામાં આવી.રોટલીઓ, રોટલો, જાર, કાઈ,દુધ,પાણી..બધું જ કાશીમા કરતાં એ રીતે.

પણ ગાયો ભાંભરવા માંડી.કૂતરીઓ રોવા માંડી. એ જોઈ અણસમજુ ગલુડિયા અસમંજસમાં. રોટલો મોં માં મુકવા પ્રયત્ન કર્યો. પણ કાળી કૂતરીએ રોકયાં.આ જોઈ તમામ પક્ષીઓ આંબા પર ચઢી ગયાં.

ગૌરી થોડીવાર થઈ જોવા આવી. બધું અકબંધ. એ સમજી ગઈ.એની આંખોમાં પણ ઝળઝળિયાં આવી ગયાં.કાશીમાને યાદ કરવા લાગી.

વિચારો ચાલુ થયાં.બાર વરસના કાશીમા પરણ્યાં એ જ દિવસે વિધવા બન્યાં. પતિને ભાયાતોએ ખાવામાં ઝેર આપી મારી નાંખ્યો. બાળ વિધવા કાશીમા તો પણ ગામમાં જ રહ્યાં. અઢીસો વિઘા જમીન સાચવી. ગામમાં અનેક કલ્યાણના કામો કર્યા.કોઈ અજાણ્યો એમની ત્યાંથી ભુખ્યો ના જાય. તન ,મન ,ધન થી ગામ લોકો માટે જાત ખરચી.અબોલ પશુ પક્ષીઓ પણ એમના વગર ખાતાં નથી. આ કાશીમા નહિ કોઈ દેવી જ કહેવાય. ગામ આખું ખબર જોવા ભાવનગર ભેગું થયું. બાધાઓ લેવાઈ,જેને જે આવે એ નામ દેવા લાગ્યું.

સાંજ પડી .ડોકટરે કીધું." અમે કાશીમાને બચાવી શકયા નથી "..અને ગામ આખું હિબકે ચઢયું. એમને ઘેર પાછા લાવ્યાં. ગમગીની, શોક વચ્ચે ' શિવ નામ 'ચાલુ થયાં. પણ કાળી કૂતરીને સંભાળવી ,ગામલોકોને ખૂબ તકલીફ પડી.રૂદન પણ, માથું પછાડીને કરે. આંગણામાં આંટા મારે.કાશીમાના ચોકા પાસે આવી ,રોઈ જતી રહે.આ " અનોખું સગપણ " જોઈ ,ગામલોકો પણ કાશીમાએ કરેલી મદદો

યાદ કરી, વધુ ગમગીન બન્યાં. સવાર પડયું. ત્યાં તો કાશીમાના હેવાયા તમામ પશુ પક્ષીઓ હાજર.પણ કાળી નહિ. પાડોશી રમણે તપાસ કરી. તો વાડા પાછળ કાળી, મૃત પડેલી મળી. માથામાંથી લોહી નીકળી જામી ગયેલું.હોઠ પહોળાં.

સ્મશાનયાત્રા નીકળી. ગામલોકોએ કાળી કૂતરીને પણ અલગ ઠાઠડીમા લીધી.અંતિમ સંસ્કાર બંનેના થયા.અંતિમવિધિ કરી ઘેર આવ્યાં. પણ આજે આંગણું સૂનું ,વેરાન પડેલું. બિલાડીઓ પણ હાજર નહોતી.

માત્ર પવન કંઈ કહી રહ્યો હતો. કદાચ કાશીમાની અદૃશ્ય હાજરી બતાવી રહ્યો હતો એવું લાગે. કાશીમા સાથે જોડાયેલા તમામને એક જ પ્રશ્ન ઘુમરાયા કરતો " કયું સગપણ આપણું એમની સાથે રહ્યું ? "

- રાજેશ પંડ્યા - રાજ

# મમતા ની મુરત

અમારા ઘરે ખેતીવાડી એટલે દૂઝણું પણ હોય.ઘરે ગૌ માતાની પેઢી સમાંતર ચાલ્યા કરે.ગાય,વાછરડાં બળદ અને બિલાડી એ બધાં મળીને જ કુટુમ્બ થાય એવું તે જમાનામાં સાહજિક લાગે.

આજે શહેરમાં સ્થળાંતરિત થયા,ઘર માળો થયાં,વ્યવસાય બદલાઈ ગયો હવે ગાય,વાછરડાં કાર્ટૂનમાં અથવા રોડ પર રખડતાં જોવાના!

આજે અનાયાસે પાવાગઢ પાસે મિત્ર ના ફાર્મમાં જવાનું થયું અને ૬૦ વર્ષો ભૂતકાળમાં સરી જવાનો અલભ્ય આનંદ મળ્યો.

ત્યાં એક ગૌ માતા નો અમારી ઉપસ્થિમાં પ્રથમ પ્રસવ જોયો!વિશ્વમાં પ્રથમ શ્વાસ લેતું વાછરડું અને તેને વ્હાલ કરતી તેની માતા ને જોઈને વિશ્વમાં ચાલતા યુધ્ધ અને આતંકની વિભીષિકા વિસરાઈ ગઈ. તેત્રીસ કોટી દેવતાના રોમ રોમ માંથી નીતરતા વાત્સલ્યના સાક્ષાત દર્શન થયા.બાળપણમાં મન મસ્તિષ્કમાં દ્રઢ થયેલા સંસ્કાર;

પહેલી માતા ...જન્મ દાતા

બીજી માતા....પૃથ્વી માતા

ત્રીજી માતા......ગૌ માતા

તત્કાલીન અમારી પેઢી ના અંતઃકરણમાં આજે પણ સુષુપ્ત અવસ્થામાં સંઘરાયેલા પડ્યા છે.આ સત્ય નું જાગરણ એટલે કુંડલિની જાગરણ કરતાંય પ્રબળ, તેથી જ વાનપ્રસ્થમાં શૈશવની અનુભૂતિ થઈ હશે!

ભગવાને વિભૂતિ યોગમાં કહ્યું છે ગૌ માતામાં હું કામધેનુ છું.

आयुधानामहं वज्रं धेनूनामस्मि कामधुक् ।

ઋષિ કૃષિ સંસ્કૃતિ માં ગૌ માતાનું પાલન,પૂજન થવું જોઈએ નહીં કે માત્ર "દોહન".પ્રકૃતિ સાથે નું તાદાત્મ્ય એ જ માનવ જીવન, શું એ છૈં (Artificial Intelligence) થી ક્યારેય સંભવે ખરું?



- ધ્રુવ જોષી, વડોદરા

# જીવનનો આશ્રય

ઘરના આંગણમાં રહે સૌનો વાસ,
સૌના જીવનમાં ભરે સદાય નવાં પ્રકાશ.
હર્ષનાં ગીતો જ્યાં વારંવાર ગુંજે,
સંબંધોની દોરી ક્યારેય ના છૂટે.

એકબીજા માટે ત્યાગની ભાવના,
એ જ છે પારિવારિક જીવનની રચના.
હૂંફાળા સ્પર્શથી થાય મન શાંત,
સૌની વાતમાં મળે પ્રેમપૂર્ણ સંવાદ.

માયાની મહેફિલ, પ્રેમની લાગણી,
જીવનની ડાળી પર ઉગે નવી તાજગી.
એકતાની શક્તિ જ્યાં સદા રહે જાગતી,
એ જ છે કુટુંબ, જ્યાં ખુશીઓ નાચતી.



ભવ્યા ડી. શુક્લ, ભરૂચ

# ખૂબ દોડ્યો  હવે હું પણ થાક્યો છું

ખૂબ દોડ્યો  હવે હું પણ થાક્યો છું.
શોધવા શું? જીવન આખું ભાગ્યો છું.
મૃગજળ ની જેમ કપાતા રહ્યા રસ્તાઓ.
દૂર જતી મંઝિલો હું જોવા લાગ્યો છું.
જીવનભર રહ્યા આંકડા શબ્દો સાથે,
આજે આ તો કાલે પેલા, ડરવા લાગ્યો છું.
સમજાવું મનને હું જીવનની આ ઝંઝાળ.
નથી કોઈ અંત એ હું સમજવા લાગ્યો છું.



દક્ષેશ જોષી, વડોદરા

# નવરાત્રી

## (સોનેટ)

નવરાત્રી નવ દિવસનું ભક્તિ પર્વ;
આનંદ ઉલ્લાસનો છે લોકોનો ઉત્સવ;
યુવાનો ઘરડાઓ બાળકો સૌને જોડે છે;
જીવનના નવ રસોને તે એક કરે છે;
નરસિંહ ની નવધા ભક્તિ સાકાર કરે;
બ્રહ્માંડના મહા રાસનું પ્રતિ બીંબ કરે;
ટીકા કાર ચોખલિયા તે ક્યાંથી સમજે;
યુવા હૈયાની ધડકનો શક્તિથી જોડે;
સમસ્યા સંકટો સામે થવા ભક્તિ છે;
હતાશા નિરાશા ખંખેરવા તે શક્તિ છે;
મનના માણીગર હરિનો શણગાર છે;
અષ્ટાંગ યોગના રાજ રસ્તાનો પથ છે;
એક થી નવ અંક ઉપર શૂન્ય ઉમેરો;
પૂર્ણ થવાનો એક સુખદ મહામાર્ગ છે.



ડૉ.બિરેન પાઠક, ઘોઘંબા

# મન



દીપકભાઈ શુક્લ, ગોધરા

મન ક્યારે શાંત, ક્યારે અશાંત
ક્યારે હસતું, ક્યારે રડતું,
એક પંખી જેવું ઉડે આકાશે,
પણ રહે કેદ પોતાના નિવાસે.
ક્યારે ઈચ્છે દુ:ખને ભૂલી જવું,
ક્યારે સ્વપ્નોમાં ખોવાઈ જવું,
ક્યારે ભક્તિમાં ડૂબી જાય
ક્યારે દુનિયાની માયા સાથે લડે જાય.
મનને જો વશમાં થાય,
પ્રભુ દર્શન મનમાં થાય,
શાંતિ, પ્રેમ અને સત્યની સાથે,
જીવન પણ ધન્ય બની જય.

# જીવનકેડી

જીવનમાં તારા આવવાના, રાહ ઘણાં અસત્યના,
સત્યનો હાથ પકડી આ જીવન કેડી પાર કરી લે.
પથ તો તને મૂંઝવવાના,કંટક પણ ઘણાં નડવાના,
અડગ મનોબળથી તું આ જીવન કેડી પાર કરી લે.
રાહ ન તારી કોઈ જોવાના, સૌ મંઝિલે પહોંચવાના,
એકલપંથી બની તું આ જીવન કેડી પાર કરી લે.
નિતનવા જન મળવાના,પ્રયાસ હશે તને હટાવવાના,
હિંમતથી સામનો કરી આ જીવન કેડી પાર કરી લે.
પથ્થર ઘણા વાગવાના,પણ ફૂલો તારે પાથરવાના,
'સુવાસ' તારી પ્રસરાવી આ જીવન કેડી પાર કરી લે.



ક્રિષ્ના શુકલ 'સુવાસ'

# મન

મનની વાત મનમાં
કોને કહું કાનમાં?
મન જાણે માંકડુ!
મન સામે સઘળું રાંકડું
ન ધરા સુધી કે
ન નભ સુધી
મન સુધી પહોંચાય કદી?
મન થકી જ સુખ
મન થકી જ દુઃખ
મન આધાર અનુભૂતિનો
ગીતામાં કહે કૃષ્ણ
મન સોંપ મને
મન ક્યાં અપાય છે કદી ?
ધન પણ ક્યાં અપાય છે કદી?



માલિની જોષી પાઠક, વડોદરા

# મન

માળવે તો જવું છે મન વગર,
જીતવું છે જગત ને ધન વગર.
કોઈ તો ક્યાં મળે કારણ વગર,
શીદ જૈ બેસવું આસન વગર?
આવવું અણદિઠા વૈકુંઠ માં,
તું કહે એટલે બસ તન વગર.
વાંસળી કૃષ્ણ તું ના છેડતો,
ભાંભરે ગાય વનરાવન વગર.
એક પડઘો સમી સૂઈ ગયો,
રાત ભાંગી ફરી ગાયન વગર.
રાસ લીલા કરી થાક્યો હશે,
ક્યાં ઉઠાડું તને ચંદન વગર?
જો વિધાતા લખે છે લેખ ને,
જીવવા નું હવે વાંચન વગર.



રાજેન્દ્ર પાઠક
વડોદરા

# તહેવારો ની મોજ



ભારતીબેન ઉપાધ્યાય

દિલમાં ઝગમગતી રોશની
નૂતન વર્ષના વધામણા પર્વે
શબ્દે શબ્દે સ્નેહ રંગ ભરી
સબંધો ની રંગોળી સજાવી
યાદો ની સ્મૃતિ ની રોશનીમાં
લાગણી ની તિથિ એ સ્નેહના
ચોઘડીએ પ્રેમના પખવાડિયે
આનંદ ના અઠવાડિયે સ્નેહભરી
મુલાકાતોનું નૂતન વર્ષના
કેલેન્ડરમાં તારીખો નું લિસ્ટ
બનાવી સંબધો ને પ્રેમ ના પમરાટે
મહેકાવી નવા સંકલ્પો સાકાર કરી
સુખ સમૃદ્ધિ સાથે સ્નેહ ની
સુવાસ થી મહેકાવે...
એજ મોજ સાથે
"નૂતનવર્ષાભિનંદન"

# મેહુલો

આવ્યો માસ અષાઢ મેઘ ગરજે, સુસ્વાગતં મેહુલા!
આકાશે ઘન ગાજતા જળ ભરી યામિની ત્યાં ચંમકે,
અંતે મૂશળધાર શું વરસિયો સિન્ધુ ઉફાને ચઢી,
સુકી ભંઠ સમી ધરા પર લીલી છાઈ રૂડી ચાદર.

કિસાને કૃષિ આદરી વૃષભને જોડી હળે હર્ષેથી,
વાવ્યાં ધાન અનેક ખેતર વિષે પાકે ભરે કોથળા.
તારા વિણ પડે દુકાળ જગમાં, ભૂખ્યાં મરે પ્રાણીઓ
શાણો થૌ સમધાત તું વરસજે, પામે ઘણા આશિષો.

શેરીનાં ભૂલકાં રમે જળ મહીં હોડી લઈ હર્ષથી,
શામા આશકી પૂર્ણ મોસમ મહીં ઝંખે પતિ સંગમાં,
આલિંગી વરસાવ પ્રેમ દિલથી સંતુષ્ટ હો કામિની .
મેહુલો વરસ્યો લીલા લહર થૈ, ટહૌકી ઉઠ્યો મોરલો.

આવો મેધ ઉદાર ઉન્નત વળી ઉત્સાહને પ્રેરતો,
જીવોના જીવ હાથ જોડી નમું હું પ્રેમે વસુધા પતિ.



- વિજય પુરોહિત, અમદાવાદ

# નિભાવીએ

તારું-મારું બાજુએ મૂકીને
ચાલ મનથી સંબંધ નિભાવીએ
સ્વાર્થ, ઈર્ષ્યા અને અંહકારના ઓજારો મૂકીને
ચાલ મનથી સંબંધ નિભાવીએ
કેટલા વર્ષ આ પૃથ્વી પર રહીશું, કેટલાં વર્ષ સાથે જીવીશું
આપણાં નરસાં મનમાન્યા સ્વભાવ સાથે
ચાલ ગંગામાં ડુબકી લગાવીએ
એકમેકના દુર્ગુણ ભુલી ચાલ મનથી સંબંધ નિભાવીએ
હૃદયથી એકમેકને સ્વીકારી લઈએ
ચાલ મનથી સંબંધ નિભાવીએ
દૂધમાં સાકર ભળે એમ એકબીજામાં ભળી જઈએ
ચાલ મનથી સંબંધ નિભાવીએ
આપણા સંબંધને પ્રેમ રૂપી રાખડી બાંધીને
ચાલ મનથી સંબંધ નિભાવીએ
તું સારો હું સારો બાજુએ મૂકીને
ચાલ મનથી સંબંધ નિભાવીએ
સંબંધોની ખોટ ત્યારે જ વર્તાય છે
જ્યારે ભીડ વચ્ચે કોઈની ખોટ વર્તાય છે.
નાની નાની વાતોને મોટી ના કરીએ
ચાલ મનથી સંબંધ નિભાવીએ.



- અદિતિ પંડિત, આણંદ

# રાજેશ પંડ્યા 'રાજ'
# ના સૌને નૂતનવર્ષાભિનંદન



સંપર્ક : વીક એન્ડ વિલા, લકઝુરિયસ બંગલો, પ્લોટ, ફાર્મ હાઉસ.
અમદાવાદ-ગાંધીનગર નજીક ખરીદવા કે સ્વપ્ન મુજબ નવુ બનાવવા,
પૂરેપૂરું વાસ્તુશાસ્ત્ર અને જમીનના ચુંબકીય હકારાત્મક તરંગો સાથે...
- રાજેશ પંડ્યા 'રાજ'-તંત્રી

ISO 9001 : 2015 CERTIFIED

# Donald Kids

**Nursery, Junior KG, Senior KG**

(English, ગુજરાતી Medium)





**Managing Committee**

- Mrs. Smita Joshi
- Mrs. Bhagyashree Joshi

Opp. Yash Complex, Nr. Pushpam Society,
Opp. Shivam Party Plot, Gotri, Vadodara.

# MALHAAR
SPORTS ACADEMY

**CRICKET** **TENNIS**
**FOOTBALL** **BADMINTON**

- *Coaching*
- *Box Cricket*
- *Corporate Booking*
- *Tournaments*

**PROPRIETOR : BHAUMIK JOSHI**

C/o. Shivam Party Plot
Opp. Shree Vidhyamandir Vidhyalaya, Gotri, Vadodara

# SHIVAM PARTY PLOT







**Proprietor : BHAUMIK JOSHI**

## SHIVAM PARTY PLOT, GOTRI, VADODARA

ISO 9001 : 2015 CERTIFIED

## Shree Vidhyamandir Vidhyalaya

Std. 1 to 12 (Comm) (English, ગુજરાતી Medium)








**Trustee Names**

- Mr. Pradeep Joshi
- Mr. Bhaumik Joshi

# "સમસ્ત શ્રીગૌડ જીવનસાથી" વોટ્સએપ ગ્રૂપ

"કોઈપણ ખર્ચ વગર સમસ્ત શ્રીગૌડ જીવનસાથી Free વોટસ એપ ગ્રૂપ માં જોડાવવા માટે આમંત્રણ" શ્રીગૌડ બ્રાહ્મણ દીકરા દીકરીઓ ના વિવાહ શ્રીગૌડ સમાજમાં થાય તે શુભ હેતુથી સમસ્ત શ્રીગૌડ સમાજ ના જુદા જુદા પક્ષના પ્રતિનિધિઓના સાથ અને સહકારથી "સમસ્ત શ્રીગૌડ જીવનસાથી" વોટ્સએપ બાયોડેટા ગ્રૂપ શરૂ કરવામાં આવેલ છે. નિઃશુલ્ક (FREE) સેવા આપવામાં આવી રહેલ છે.

બાયોડેટા, એડમીન દ્વારા જ વોલ ઉપર મૂકવામાં આવે છે ગ્રૂપમાં બાયોડેટા મૂકવા માટે મુખ્ય વ્યક્તિનો વોટ્સએપ નંબર અને બાયોડેટા એક ફોટા સાથે કોઈપણ એડમીનને મોકલી આપવાનો રહેશે.

બાયોડેટાની પીડીએફ ફાઈલનું નામ નીચે પ્રમાણે આપવાનું રહેશે.

➡ સૌપ્રથમ યુવક / યુવતી નું નામ, પછી જન્મનું વર્ષ અને છેલ્લે શહેર/ ગામનું નામ. દા.ત. bhavin.1996.ahmedabad kajal.2001.surat

સભ્યો દ્વારા ફરજિયાત બાયોડેટા મૂકવા માટે ગ્રૂપ દર મહિનાના ચોથા શનિવાર અને રવિવાર આ બે દિવસ ખુલ્લું મૂકવામાં આવે છે. દર મહિને બાયોડેટા પુનરાવર્તિત થાય છે. તમારા દીકરા કે દીકરી માટે યોગ્ય પાત્ર શોધતા હોવ તો નીચે આપેલ કોઈપણ એડમીનશ્રીનો સંપર્ક કરવો.

(૧) શ્રી હિતેશભાઈ ભટ્ટ (અમદાવાદ) - ૯૮૨૪૦૯૧૨૯૬

(૨) શ્રી જયંત જોષી (ગાંધીનગર) - ૯૬૦૧૯૯૫૫૬૭

(૩) શ્રી પ્રવિણભાઇ પુરોહિત (અમદાવાદ) - ૯૮૨૪૩૫૮૨૯૭

(૪) ડૉ. પ્રિતેશભાઈ શુક્લ (આણંદ) - ૯૪૨૮૪૯૧૨૨૧

(૫) શ્રી પ્રશાંતભાઈ પાઠક (વડોદરા) - ૮૩૨૦૬૨૭૨૮૦

(૬) શ્રી મહેન્દ્રભાઈ પુરોહિત (વડોદરા) - ૯૪૨૭૭૮૬૨૬૪

(૭) શ્રી કિરણભાઈ શુક્લ (વડોદરા) - ૯૯૭૮૯૨૦૯૮૮

(૮) શ્રી ઉદયભાઈ શાસ્ત્રી (અમદાવાદ) - ૯૮૨૫૩૯૩૫૯૯

(૯) શ્રી આશિષભાઈ પાઠક (વડોદરા) - ૯૪૨૭૭૧૭૮૯૧

(૧૦) શ્રી સંજયભાઈ જાની (જામનગર) - ૯૯૨૪૪૭૨૭૦૯

(૧૧) શ્રી બંકિમભાઈ પુરાણી (વડોદરા) - ૯૯૯૮૦૦૮૩૬૬

(૧૨) શ્રી ધ્રુવભાઈ શુકલ (અમદાવાદ) - ૯૪૨૯૩૫૫૬૫૩

(૧૩) શ્રી જીજ્ઞેશભાઈ પંડિત - (અમદાવાદ) ૯૦૯૯૦૨૯૦૭૯

(૧૪) સુશ્રી કૃપાબેન પાઠક (અમદાવાદ) ૯૫૩૭૬૫૨૪૫૨

આ શુભ કામમા સહભાગી થવા માટે આપના બધાજ શ્રીગૌડ સમાજના અને પારિવારિક ગ્રુપમાં તેમજ દરેક સગાં સંબંધીઓને આ મેસેજ ફોરવર્ડ કરશો. વિના સહકાર નહીં ઉધ્ધાર.

|| जय श्री महालक्ष्मी माता प्रसंन्नोस्तुः ||

# જુલાઈ, ઓક્ટોબર ૨૦૨૫ અવસાન નોંધ

(૧) સ્વ. મધુકર અંબાલાલ દવે (લાલા ભાઈ), વડોદરા
(૨) સ્વ. અજીતભાઈ કનૈયાલાલ જોષી, વડોદરા
(૩) સ્વ. તરલિકાબેન પ્રવિણભાઈ ત્રિવેદી, ડીન્ગુચા / મુંબઈ
(૪) સ્વ. શિરીષભાઈ જશવંત લાલ દવે, અમદાવાદ
(૫) સ્વ. સંજયભાઈ પુરષોત્તમભાઈ જોશી, વડોદરા
(૬) સ્વ. અલ્પાબેન જયેશકુમાર ભટ્ટ, વડોદરા
(૭) સ્વ. નવીનચંદ્ર કરૂણાશંકર ભટ્ટ, મુંબઈ
(૮) સ્વ. અનિરુદ્ધભાઈ હરગોવિંદાસ પાઠક, લુણાવાડા
(૯) સ્વ. બિપીનભાઈ માણેકલાલ પંડ્યા, અમદાવાદ
(૧૦) સ્વ. દેવાંગ (ગોપાલભાઈ )દિલીપભાઈ પાઠક, શહેરા
(૧૧) સ્વ. હાર્દિકભાઈ ગીરીશભાઈ પુરોહિત, અમદાવાદ
(૧૨) સ્વ. હેમલતાબેન અશોકકુમાર પાઠક, ગોધરા
(૧૩) સ્વ. રંજનબેન અરવિંદભાઈ પંડ્યા, હાલોલ
(૧૪) સ્વ. શંકરલાલ ડાહ્યારામ જાની, અમદાવાદ
(૧૫) સ્વ. જ્યોત્સનાબેન કાંતિલાલ પુરોહિત, સાબરમતી અમદાવાદ
(૧૬) સ્વ. રમાકાંત જયશંકર પંડ્યા, સાવલી/ અમદાવાદ
(૨૭) સ્વ. જ્યોતિબેન સતિષચંદ્ર ઉપાધ્યાય, વડોદરા
(૨૮) સ્વ. ડૉ. નટવરલાલ અંબાલાલ દવે, વડોદરા
(૨૯) સ્વ. અશોકભાઈ રામલાલ પંડ્યા, ડાકોર
(૩૦) સ્વ. લતાબેન ઉમેશભાઈ પંડ્યા, અમદાવાદ
(૩૧) સ્વ. હંસાબેન સુરેન્દ્રપ્રસાદ પંડ્યા, ડેસર/ સેવાલીયા
(૩૨) સ્વ. સરોજબેન ગિરીશકાન્ત અગ્નિહોત્રી, અમદાવાદ
(૩૩) સ્વ. નિરંજનાબેન ઈન્દુલાલ શુક્લ, માલપુર
(૩૪) સ્વ. સ્વયંપ્રભા અરવિંદકુમાર પાઠક, વડોદરા
(૩૫) સ્વ. મણીશંકરભાઈ જયશંકરભાઈ પાઠક, અમનપૂર/ વડોદરા
(૩૬) સ્વ. કિન્નરભાઈ ભૃગુકુમાર પાઠક, ઘોઘંબા/ વડોદરા
(૩૭) સ્વ. જયશ્રીબેન તરૂણભાઈ શુક્લ, અમદાવાદ
(૩૮) સ્વ. શોભનાબેન ઘનશ્યામભાઈ દવે, અમદાવાદ
(૩૯) સ્વ. વ્યંકટેશ શાંતિલાલ પંડયા, આણંદ
(૪૦) સ્વ. હરિપ્રસાદ પુરુષોત્તમ ગોર, વડોદરા
(૪૧) સ્વ. રીટાબેન અનિલભાઈ દવે, અમદાવાદ
(૪૨) સ્વ. ધનંજયભાઈ લક્ષ્મીશંકર જોષી, મહુધા
(૪૩) સ્વ. વીણાબેન અરૂણભાઈ પાઠક, અમદાવાદ

સૌરાષ્ટ્ર કચ્છ

(૧) સ્વ. હિમાંશુ રમેશચંદ્ર ભટ્ટ, ડમરાળા/ જૂનાગઢ
(૨) સ્વ. હર્ષદભાઈ મણિલાલ ભટ્ટ, રાજકોટ
(૩) સ્વ. જનાર્દનભાઈ મૂળશંકર જોષી, રાજકોટ
(૪) સ્વ. કંચનબેન કેશવલાલ પુરોહિત,ધારી
(૫) સ્વ. ચંદ્રકાંત કાંતિલાલ ભટ્ટ,ધોરાજી
(૬) સ્વ. શ્રી તરુણભાઈ મનસુખલાલ ભટ્ટ, જૂનાગઢ
(૭) સ્વ.જયપ્રકાશભાઈ દીલસુખરાય ભટ્ટ, રાજકોટ
(૮) સ્વ. તુષારભાઈ મધુસૂદનભાઈ ભટ્ટ, જુનાગઢ
(૯) સ્વ. ભારતીબેન ભાનુશંકર દવે, કેશોદ/ અમદાવાદ
(૧૦) સ્વ. રમેશચંદ્ર જટાશંકર ભટ્ટ, જુનાગઢ
(૧૧) સ્વ. વિજયભાઈ(નાનુભાઈ) અનંતરાય જોષી, રાજકોટ
(૧૨) સ્વ. સુશીલાબહેન જનાર્દનભાઈ ભટ્ટ, રાજકોટ
(૧૩) સ્વ. ધીમંતભાઈ શિવલાલ જોશી, રાજકોટ
(૧૪) સ્વ. દિલીપભાઈ જટાશંકર પુરોહીત, જૂનાગઢ
(૧૫) સ્વ. કનકરાય શિવશંકર પાઠક, રાજકોટ
(૧૬) સ્વ. કમલેશભાઈ દામોદરભાઈ પંડ્યા, રાજકોટ
(૧૭) સ્વ. ગીરીશભાઈ જગજીવનભાઈ પુરોહિત, ધારી
(૧૮) સ્વ. કુંદનબેન લાભશંકરભાઈ જોષી, મોટી કુંકાવાવ
(૧૯) સ્વ. નવિનચંદ્ર પોટલાલ પંડ્યા, મહુવા
(૨૦) સ્વ. જસુમતીબેન નવીનચંદ્ર જોશી, રાજકોટ
(૨૧) સ્વ. પ્રવિણાબેન ઇંદુલાલ ભટ્ટ, રાજકોટ
(૨૨) સ્વ. ચીમનલાલ રતિલાલ ભટ્ટ, દહીસર મુંબઈ
(૨૩) સ્વ. મંજુલાબેન રતિલાલ પુરોહિત, જુનાગઢ
(૨૪) સ્વ. પ્રશાંત દિનેશચંદ્ર દવે, તાલાલા
(૨૫) સ્વ. હંસાબેન પ્રફુલચંદ્ર જોષી, રાજકોટ /છોટાઉદેપુર
(૨૬) સ્વ. જયંતભાઈ ભીમજીભાઈ પાઠક, વડીયા
(૨૭) સ્વ. પૂવીબેન દિનેશચંદ્ર જોષી, રાજકોટ
(૨૮) સ્વ. ગીરીશભાઈ જયંતિલાલ ભટ્ટ, રાજકોટ
(૨૯) સ્વ. ભાનુશંકર રવિશંકર જોષી, રાજકોટ
(૩૦) સ્વ. ધીરજલાલ શાંતિલાલ ભટ્ટ, ત્રંબા/ ગાંધીનગર
(૩૧) સ્વ. ભાનુબેન મનસુખલાલ પંડયા, રાજકોટ
(૩૨) સ્વ. ડૉ. નિશિથકુમાર યશવંતરાય ભટ્ટ, રાજકોટ/ અમદાવાદ

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત અવસાન પામેલ સ્વજનોને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવે છે અને પરમકૃપાળુ પરમાત્મા તેમને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના.**

# સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત, ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યોની યાદી

**પ્રમુખ શ્રી કમલેશભાઈ એસ પાઠક,અમદાવાદ**
**મંત્રી શ્રી યોગેશ કે શુકલ ,અમદાવાદ**
**ખજાનચી શ્રી પ્રવીણભાઈ વી પૂરોહિત ,અમદાવાદ**
તંત્રી, શ્રીગૌડ જાગૃતિ - શ્રી રાજેશ પંડ્યા ' રાજ' (અમદાવાદ)


**ટ્રસ્ટી મંડળ**

૧. શ્રી જયંતભાઈ જી. જોષી,ગાંધીનગર
૨. શ્રી ધર્મેશભાઈ બી. પંડ્યા,વડોદરા
૩. શ્રી ધ્રુવભાઈ જે. જોષી,વડોદરા
૪. શ્રી મિહિરભાઈ આર. પંડ્યા,અમદાવાદ
૫. શ્રી વિપુલભાઈ જે. ભટ્ટ,અમદાવાદ
૬. શ્રી જીજ્ઞેશભાઈ એસ. પાઠક, શહેરા
૭. શ્રી કુમુદભાઈ એ. દવે,અમદાવાદ
૮. શ્રી પંકજભાઈ એમ. શુકલ,અમદાવાદ
૯. શ્રી સ્મિતલભાઈ કે. પંડિત, અમદાવાદ
૧૦. શ્રી કેયુરભાઈ શાસ્ત્રી,અમદાવાદ
૧૧. શ્રી હેતલકુમાર આર. શુકલ,અમદાવાદ


**જિલ્લા / વિસ્તાર પ્રમાણે કારોબારી સભ્યો :-**
**અમદાવાદ, ગાંધીનગર, ઉત્તર ગુજરાત**

૧ શ્રી ધ્રુવ શુક્લ (અમદાવાદ)
૨ શ્રી ઉદય શાસ્ત્રી (અમદાવાદ)
૩. શ્રી દિગીશ દવે (અમદાવાદ)
૪. શ્રી અમિત જોષી (અમદાવાદ)
૫. શ્રી રાજેશ પંડ્યા (અમદાવાદ)
૬. શ્રી જીજ્ઞેશ પંડિત (અમદાવાદ)
૭. શ્રી વર્ષિલ શુક્લ (ગાંધીનગર)
૮. શ્રી જયેશ ભટ્ટ (અમદાવાદ)
૯. શ્રી નિરવ દવે (અમદાવાદ)
૧૦. શ્રી રાજેશ દવે (અમદાવાદ)
૧૧. શ્રી હાર્દિક શુક્લ (ગાંધીનગર)
૧૨. શ્રી આશિષ જોષી (અમદાવાદ)
૧૩. શ્રી અલ્પેશ ઉપાધ્યાય (અમદાવાદ)
૧૪. શ્રી અતુલભાઈ પાઠક (અમદાવાદ)
૧૫. ડો. શ્રી પ્રશાંતભાઈ જોષી (અમદાવાદ)
૧૬. શ્રી મુકેશભાઈ પુરોહિત (અમદાવાદ)
૧૭. શ્રી મયંકભાઈ શુક્લ (અમદાવાદ)
૧૮. શ્રી જયંતભાઈ શુક્લ ( અમદાવાદ)

**વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લો**

૧. શ્રી પ્રશાંતભાઈ પાઠક -
૨. શ્રી આશિષભાઈ પાઠક
૩. શ્રી મહેન્દ્રભાઈ પુરોહિત
૪. શ્રી વિપુલભાઈ પંડ્યા
૫. શ્રી વિમલભાઈ ત્રિવેદી
૬. શ્રી જયેન્દ્રભાઈ દવે
૭. શ્રી કિરીટભાઈ શુક્લ

**દક્ષિણ ગુજરાત (ભરુચ, સુરત, વલસાડ)**

૧. શ્રી કિરીટભાઈ જોષી (ભરૂચ)
૨. શ્રી તેજસભાઈ શુક્લ (સુરત)
૩. શ્રી હરદિપ પાઠક (સુરત )

**મહિસાગર, પંચમહાલ, દાહોદ જિલ્લા (દાહોદ, ગોધરા, કાલોલ, શહેરા, લુણાવાડા, વીરપુર, કોઠંબા)**

૧. શ્રી લોમેશભાઈ ઉપાધ્યાય (કોઠંબા)
૨. શ્રી કૃતાર્થ જોષી (દાહોદ)
૩. શ્રી ભાવેશભાઈ જોષી (ગોધરા)
૪. શ્રી અંકુર ઉપાધ્યાય (કાલોલ)
૫. શ્રી સંદીપભાઈ દેવાશ્રયી (લુણાવાડા)

**ખેડા / આણંદ (નડિયાદ, ડાકોર, આણંદ, ખંભાત)**

૧. શ્રી મહેશભાઈ ઉપાધ્યાય (ડાકોર)
૨. શ્રી પંકજભાઈ પુરોહિત (આણંદ)
૩. શ્રી ભરતભાઈ દવે (આણંદ )
૪. શ્રી હેમંતભાઈ પુરોહિત (આણંદ )
૫. શ્રી માર્તંડભાઈ પાઠક (ખંભાત)
૬. શ્રી ભાવિનભાઈ ભટ્ટ (ખંભાત)

**મહિલા પ્રતિનિધિ**

૧. સુશ્રી રશ્મિબેન દવે (અમદાવાદ)
૨. સુશ્રી પારુલ દવે (અમદાવાદ)
૩. સુશ્રી શેફાલી ઉપાધ્યાય (કાલોલ)
૪. સુશ્રી ભાર્ગવીબેન અગ્નિહોત્રી(અમદાવાદ)
૫. સુશ્રી લીનાબેન ધ્રુવભાઈ શુકલ (અમદાવાદ)

# માહિતી સમાચાર શ્રીગૌડ જાગૃતિ સુધી પહોંચાડવાનું ગુગલ ફોર્મ

શ્રીગૌડ જાગૃતિ મા આપ જે માહિતી અથવા સાહિત્ય પ્રકાશિત કરવા માંગતા હોવ તે સંપાદક ને પહોંચાડવા માટે આ QR Code સ્કેન કરી ને જે ગૂગલ ફોર્મ ખુલે તે ભરીને સબમિટ કરશો.

આ ગૂગલ ફોર્મ શ્રીગૌડ જાગૃતિ ના આગામી પ્રકાશિત થનારા અંક માં આપ કોઈપણ સમાચાર (લગ્ન, યજ્ઞોપવિત સંસ્કાર, ચૌલ સંસ્કાર, શ્રદ્ધાંજલિ સમાચાર, બઢતી અથવા સિદ્ધિ ના સમાચાર, વિશેષ ક્ષેત્ર માં મેળવેલ સિદ્ધિ , સન્માન, બહુમાન, ને લગતી માહિતી સમાજ ના મુખપત્ર માં પ્રકાશિત કરવા ઈચ્છતા હોવ તો આ ગૂગલે ફોર્મ ના માધ્યમ થી શ્રીગૌડ જાગૃતિ ના સંપાદક મંડળ ને મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત આપ ની કોઈ સાહિત્યિક રચના / લેખ, કવિતા સામાજિક સંદેશ પ્રકાશિત કરવા માંગતા હોવ તો તે પણ આ ગૂગલ ફોર્મ સાથે મોકલી આપવા વિનંતી. પ્રસંગ ને અનુરૂપ ફોટોગ્રાફ અથવા કોઈ ડોક્યુમેન્ટ મોકલવા માંગતા હોવ તો તે પણ અટેચ કરી મોકલી શકો છો.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં સંપાદક મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રી મંડળ નો રહેશે.

જો કોઈ ડોક્યુમેન્ટ અથવા ફોટોગ્રાફ અથવા pdf સાથે વિગત આપવાની હોય તો ફાઈલ / ફોટોગ્રાફ અહીંયા અટેચ કરો (5 ફાઈલ અને 10 MB ટોટલ સાઈઝ - word, excel, drawing કે pdf અપલોડ કરી શકાશે. )

આપણા સમાજના ઉત્કર્ષ માટે અને સમાજના સભ્યો એકબીજા ની નજીક આવે અને સંગઠન ની ભવન વધુ મજબૂત બને તેવા ભાવ ને ગુણિત કરવામાં આપનું આ પ્રતિભાવ / યોગદાન અમૂલ્ય છે. સમાજ ના વિકાસ માટે આપ તત્પર રહો અને સમાજ ના પડખે ઉભા રહો તેવી શુભકામના સાથે આપનો ખુબ આભાર.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં તંત્રી મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રીશ્રીનો રહેશે.

સમસ્ત શ્રીગૌડ સમાજ - ગુજરાત

| | | | |
|---|---|---|---|
| **કમલેશ પાઠક** | **યોગેશ શુક્લ** | **જયંત જોષી** | **રાજેશ પંડ્યા'રાજ'** |
| **પ્રમુખ** | **મંત્રી** | **ટ્રસ્ટી** | **તંત્રી** |

## ઑફિસ : સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત

**સી-૨૧૨, દેવ ઓરમ, આનંદનગર ચાર રસ્તા, પ્રહલાદનગર રોડ, અમદાવાદ.**